मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

श्री

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૫૮ મું

અંક ૧૨ મો

વીર સંવત ૨૪૬૯

વિક્રમ સંવત ૧૯૯૯

ફાલ્ગુન

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

બહારગામ માટે બાર અંક ને ભેટના પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

| પુસ્તક ૫૮ મું<br>અંક ૧૨ મો | ફાલ્ગુન | વીર સં. ૨૪૬૯<br>વિક્રમ સં. ૧૯૯૯ |
|---|---|---|


## अनुक्रमणिका


૧. સુલતાના પાર્શ્વનાથ જિન સ્તવન ... ( મુનિ શ્રી વિનયવિજયજી ) ૩૮૧

૨. શ્રી વિહરમાનજિનસ્તોત્ર ... ( સં. આ. શ્રી વિજયલલિતસૂરિજી ) ૩૮૨

૩. શ્રી ગણધરકલ્પલતા : અચલભ્રાતા, મેતાર્ય ને પ્રભાસ ગણધર ... ... ( આ. શ્રી વિજયપદ્મસૂરિ ) ૩૮૩

૪. વીરવિલાસ ( ૮ ) ... ... ... ... ... ( મૌક્તિક ) ૩૯૦

૫. એક શ્રેષ્ઠીપુત્રનાં વિચારો ... ... ... ... ( કુંવરજી ) ૩૯૨

૬. સ્થાવરોનો સંવાદ ... ... ( મહેતા ચંપકલાલ ભોગીલાલ ) ૩૯૫

૭. ધર્મસે ધૈર્યકી પ્રાપ્તિ ... ... ... ( રાજમલ ભંડારી ) ૩૯૬

૮. પ્રશ્નોત્તર ... ... ( પ્રશ્નકારઃ–શા. મંગળદાસ કંકુચંદ–સાલડી ) ૩૯૭
( „ શા. ઝવેરચંદ છગનલાલ–મીંયાગામ ) ૩૯૮

૯. શ્રી પરમેષ્ઠિસ્તોત્રાંતર્ગત અરિહંત સ્તોત્ર ( ૧૧ ) ... ... ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) ૪૦૦

૧૦. પુસ્તકોની પહોંચ ... ... ... ... ( કુંવરજી ) ૪૦૩

૧૧. સમયની અગત્યતા ... ... ( મુનિ વિદ્યાનંદવિજય ) ૪૦૬

૧૨. વાર્ષિક વિષયાનુક્રમણિકા ... ... ... ... ૪૦૮


### નવા સભાસદોના નામો

| | | |
|---|---|---|
| શેઠ ગુલાબચંદ દેવચંદ | ભાવનગર | લાઇફ મેમ્બર |
| શાહ તિલકરાય મણિલાલ હઠીસંગ | ભાવનગર | વાર્ષિક મેમ્બર |
| શાહ ધરમશી જીવરાજ | „ | „ |


### શ્રી અઢાર પાપસ્થાનકની સજ્ઝાય અર્થ સહિત

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની રચેલી આ સજ્ઝાયો એટલા બધા રહસ્યથી ભરપૂર છે કે તેને એક ગ્રંથની ઉપમા આપી શકાય તેમ છે. અર્થ પણ અસરકારક ભાષામાં લખાયો છે. વાંચવાથી ખાસ અસર ઉત્પન્ન કરે તેમ છે. નવ ફારમની બુક છે. પ્રભાવના કરવા માટે ખાસ ઉપયોગી છે. કીંમત માત્ર ત્રણ આના. નકલ સોના રૂા. ૧૭)

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૫૮ મું
અંક ૧૨ મો

ફાલ્ગુન

વીર સં. ૨૪૬૯
વિ. સં. ૧૯૯૯

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या । ( મુદ્રાલેખ )

## સુલતાના પાર્શ્વનાથ જિનસ્તવન

સવૈયા

સંવત તેરસેં સાઠ કી સાલે, અલાઉદ્દીન દિલ્હી સે આયા;
પાટણુ સર કર સિદ્ધપુર આયા, રૂદ્રમાલ કો તોડ દીયા. ૧
વહાં સે ચલ કર પાર્શ્વનાથ કે, મંદિર પર હુમલા કીયા;
દેવ નાગેન્દ્રને પ્રગટ હોય કર, બાદશાહ કો હઠા દીયા. ૨
સેવક લોકે નવાણુ પ્રકારી, પૂજા ભાવથી શરૂ કીઈ;
દીપક રાગ પઢતા કી સાથો, નવાણુ રૂશનાઈ હુઈ. ૩
બાદશાહ બોલા અરે સેવકો, દીપક કૈસે પ્રગટ હુએ ?
સુલતાના પાર્શ્વનાથ એ હે, ચમત્કાર સે અજબ હુએ. ૪
હાથ જોડ કર બાદશાહ બોલા, મંદિર મૈંને બહુ તોડા;
પાર્શ્વનાથજી દેવ બડા હૈ, અરજ કરત હું ખડા ખડા. ૫
અંધાકો ચક્ષુ દેતા હૈ, પાંગલજનકો પાઉં દીએ;
રોગી કો નિરોગી કરત હૈ, શરણાગત કો શરણુ દીએ. ૬
ધ્યાન ધરું મૈં સાચા મન સે, સેવકકો આશા ભારી;
સંકટ દુઃખ સબ દૂર કરત હે, પાર્શ્વ યક્ષ હે ચમત્કારી. ૭
સંવત ઓગણીશ નવાણુ સાલે, પોષ શુદિ ચૌદશ ભારી;
ગુરુ વિકાસવિજયજી સાથે, દર્શન થયાં મહાભારી. ૮
દાસ **વિનય** તો સેવક તુમ્હારા, સુણુ લો પ્રભુજી અર્જ મોરી;
દર્શન કરતાં થઇ ઉત્કંઠા, લાવણી યહ સારી જોરી. ૯

—મુનિ વિનયવિજયજી

परमगुरु श्रीआणंदविमलसूरिसंदर्भितम्

# ॥ श्रीविहरमानजिनस्तोत्रम् ॥

श्रेयांस वप्ता जननी तु सत्यकी, वृषस्तु चिन्हं दयिता तु रुक्मिणी ॥
जंबूविदेहाभरणस्य यस्य, सीमंधरं तं सततं स्मरामि ॥ १ ॥
माता सुतारा सुदृढः पितास्य, प्रियंगुमाला ललनाधिनाथः ॥
गजध्वजो धर्मधुराधुरंधरः, सार्वः श्रिये मे भवताद् युगंधरः ॥ २ ॥
सुग्रीवसूनुर्विजयाजयप्रदः, सुमोहिनीमोहितमानसांबुजः ॥
मृगांकतुल्याननभृन्मृगांकभृत्, श्रीबाहुसार्वः शिवसंपदे वः ॥ ३ ॥
भूनंदया श्रीनिसढस्य सार्द्धं, मुदः प्रदः किंपुरुषाधिनाथः ॥
सन्मर्कटांको विहरन् विदेहे, जीयात्सुबाहुः कदलीसुबाहुः ॥ ४ ॥
श्रीदेवसेनातनयो नयेन, युक्तः सदानंदितदेवसेनः ॥
दिनेश्वरांको जयसेनयाऽर्च्यो, जिनोऽभिजातो जयतात् सुजातः ॥ ५ ॥
सुमंगला मंगलमालिकाप्रदः, स्वयंप्रभोश्चित्रविभोर्विभूतिदः ॥
प्रियसेनापतिः शशिलांछितक्रमो, महाविदेहे जयताज्जिनेश्वरः ॥ ६ ॥
ऋषभाननामकतीर्थनायकः, स्फुटं च कीर्त्याश्रितराजनंदनः ॥
जनितो वरवीरसेनया, हरिचिह्नस्तु जयावतीश्वरः ॥ ७ ॥
यस्य माता मंगलावती सती, मेघराजतनयस्य वर्त्तते ॥
अंगना विजयवत्यभीप्सिता-ऽनंतवीर्यजिनराट् द्विपध्वजः ॥ ८ ॥
सूरप्रभः सूर्य्यसमप्रतापः, श्रीनागसूनुर्विमलाधिनाथः ॥
भद्रो महाभद्रकरोऽर्यमांकः, श्रीधातकीखंडविदेहसार्वः ॥ ९ ॥
चंद्रलांछनधरो वरनंद-सेनयानत इनोऽस्ति विशालः ॥
यस्य सा विजयवत्यभिधाना, यस्य सो विजयभूमिपतिश्च ॥ १० ॥
सरस्वतीपद्मरथस्य नंदनः, शङ्खाङ्कितो वज्रधरो जिनेश्वरः ॥
विनायुतश्रीविजयवत्युदर्च्यः, श्रीधातकीपश्चिमसद्विदेहे ॥ ११ ॥
चंद्राननश्चंद्रसमानतोयं, वल्मीकवंशे वरदीप्रदीपः ॥
लीलावतीशो वृषभध्वजोऽस्ति, पद्मावतीसूनुवरो वरश्रीः ॥ १२ ॥
पद्मांकभाक्रेणुकया प्रसूतः, सुगंधयार्च्यो जिनचंद्रबाहुः ॥
देवाश्रितानंदनृपप्रमोदकृत्, श्रीपुष्करार्द्धे विजयासुदारः ॥ १३ ॥
श्रीभुजंगभगवंतमाश्रये, श्रीमहाबलनृपस्य नंदनम् ॥
पद्मलांछनधरं वरगंध-सेनया नतपदं महिमाभाजं ॥ १४ ॥
ईश्वरं मदनमर्द्दनेश्वरं, पालिलं च सुयशोज्वलांबया ॥
चंद्रलांछनधरं गलसेन-नंदनं मुदितचंद्रवतीशं ॥ १५ ॥

नेमिप्रभुः पुष्करभूषणं च, श्रीवीरराजोत्तमसेनयोश्च ॥
तनूरुहः सूर्यलांछितांघ्रिः, सन्मोहनीशो जयताज्जिनेंद्र? ॥ १६ ॥
सद्भानुमत्या जनितो जिनेंद्रः, श्रीवीरसेनो हतमोहसेनः ॥
श्रीभूमिपालक्षितिपालबालो, महावृषांको वरराजसेनः ॥ १७ ॥
देव्या उमायाश्च सुदेवराज्ञ-स्तनूद्भवो मे वितनोतु भद्रम् ॥
श्रीमान् महाभद्रजिनाधिराजं, श्रीसूर्यकांताधिपतिर्गजांकः ॥ १८ ॥
स्फुरद्यशादेवयशाजिनेशः, श्रीसर्वभूतेः क्षिपिताभिभूतिः ॥
गंगाप्रसूतः शशिभृत् सुपद्मा-वतीश्वरो राजति पुष्कराख्ये ॥ १९ ॥
श्रीराजपालतनयं पुष्करभूषणं, कनीनिकाबालकं त्वजितवीर्यं ॥
श्रीरत्नमालार्चितपादपद्मं, स्वस्तिकचिह्नं मुदा स्तवीमि ॥ २० ॥

जंबूद्वीपमहाविदेहतिलकाश्चत्वार आद्या जिना-
श्चान्ये धातकिखंडमंडनतमा अष्टौ जिनाधीश्वराः ॥
अन्येष्टौ वरपुष्करार्द्धवसुधापीठे विहारक्रमं,
कुर्वंतो रचयंतु ते मम महानंदोत्सवं शाश्वतम् ॥ २१ ॥
इत्येवं पितृमातृलक्ष्मललनानामप्रधाना जिनाः,
सर्वे पंच सुदीप्रहेमविमलांभोजैश्चरंतो भुवि ॥
विख्यातास्तु महाविदेहकेषु च मया भक्तिप्रकर्षान्नुता-
स्ते सर्वे मम दर्शयंतु सततं सद्दर्शनं पावनं ॥ २२ ॥

॥ इतिश्री विहरमानविंशतिजिनस्तवनम् ॥*

સંગ્રાહક—આ. શ્રી વિજયલલિતસૂરિજી

* બીજી નકલ ન મળવાથી અશુદ્ધ રહેલ છે.

## શ્રી ગણધરકલ્પલતા

( ૭ )

( અનુસંધાન પૃષ્ઠ ૩૨૬ થી )

### ૯. શ્રી અચલભ્રાતા ગણધર

આ નવમા ગણધર મહારાજ કોશલા ( અયોધ્યા ) નગરીના રહીશ, હારિત ગોત્રના પિતા શ્રીવસુ બ્રાહ્મણ અને માતા નંદાના પુત્ર હતા. મિથુન રાશિ અને મૃગશીર નક્ષત્રમાં તેઓ જન્મ્યા હતા. સાંખ્ય, બૌદ્ધદર્શનાદિ સર્વ શાસ્ત્રોના તેઓ પારગામી હતા, તેમજ તેઓ ૩૦૦ શિષ્યોના અધ્યાપક હતા. તેમને 'પુણ્ય પાપ છે કે નહિ' એવો સંદેહ હતો. પ્રભુ મહાવીરદેવના પસાયથી તે કઇ રીતે દૂર થાય છે? તે બીના ટૂંકામાં આ પ્રમાણે જાણવી.—

પૂર્વોક્ત રીતે ઇન્દ્રભૂતિ વિગેરે આઠે જણને દીક્ષિત થયેલા સાંભળી નવમા અચલભ્રાતા નામના પંડિતે વિચાર્યું કે—'જે પ્રભુ વીરના ઇન્દ્રભૂતિ વિગેરે આઠે જણ શિષ્ય થયા તે મારે પણ પૂજ્ય જ છે; માટે હું પણ તેમની પાસે જાઉં અને મારો સંશય દૂર કરું.' આ પ્રમાણે વિચારી પંડિત અચલભ્રાતા પોતાના ત્રણ સો શિષ્યો સાથે પ્રભુ પાસે આવ્યા. પ્રભુએ તેમને કહ્યું કે—"હે અચલભ્રાતા! તને એવો સંશય છે કે-પુણ્ય અને પાપ છે કે નહિ? આ સંશય તને પરસ્પર વિરુદ્ધ ભાસતા વેદપદોથી થયો છે—

"**पुरुष एवेदं ग्निं सर्वं यद् भूतं यच्च भाव्यम् ।**"

"આ વેદપદોથી તું જાણે છે કે—પુણ્ય-પાપ નથી. તે વેદપદોનો અર્થ તું આ પ્રમાણે કરે છે—આ પ્રત્યક્ષ જણાતું ચેતન-અચેતનમય પદાર્થસ્વરૂપ જે થયું અને જે થશે તે સર્વ પુરુષ જ છે એટલે આત્મા જ છે; અર્થાત્ આત્મા સિવાય પુણ્ય-પાપ નામના પદાર્થ નથી. પણ વળી '**पुण्यः पुण्येन कर्मणा, पापः पापेन कर्मणा** ।-પુણ્યકર્મ એટલે શુભ કર્મ કરીને પ્રાણી પુણ્યશાળી થાય છે અને પાપકર્મ એટલે અશુભ કર્મ કરીને પાપી બને છે.' એ વેદપદોથી પુણ્ય-પાપની સત્તા જણાય છે. આવી રીતે તને પરસ્પર વિરુદ્ધ ભાસતા વેદપદોથી તું સંશયમાં પડ્યો છે કે પુણ્ય-પાપ છે કે નથી? પરંતુ હે અચલભ્રાતા! આ તારો સંશય અયુક્ત છે, કેમ કે '**पुरुष एवेदं ग्निं सर्वं यद् भूतं यच्च भाव्यम्**-એટલે આ પ્રત્યક્ષ જણાતું ચેતન-અચેતન પદાર્થસ્વરૂપ જે ભૂતકાળમાં થયું અને ભવિષ્ય કાળમાં થશે તે સર્વ આત્મા જ છે.' એ વેદપદોમાં આત્માની સ્તુતિ કરી છે, પણ તેથી પુણ્ય-પાપ નથી એમ સમજવાનું નથી. જેમ '**विष्णुमयं जगत्**' ઈત્યાદિ વેદપદોમાં આખા જગતને વિષ્ણુમય કહ્યું છે; પણ એ વેદપદો વિષ્ણુનો મહિમા જણાવનારાં છે, તેથી વિષ્ણુ સિવાયની બીજી વસ્તુનો અભાવ સમજવાનો નથી; તેમ 'જે થયું અને જે થશે તે સર્વ આત્મા જ છે' એ વેદપદોમાં આત્માનો મહિમા જણાવ્યો છે, તેથી 'આત્મા સિવાય પુણ્ય-પાપ નથી' એમ સમજવાનું નથી. વળી દરેક પ્રાણી જે સુખ-દુઃખ અનુભવે છે તેનું કાંઇ પણ કારણ અવશ્ય હોવું જ જોઇએ, કેમ કે કારણ વિના કાર્ય સંભવે નહિ, અને તે કારણ તરીકે પુણ્ય-પાપને જરૂર માનવા જ જોઇએ.

આ પ્રમાણે પ્રભુનાં વચનો સાંભળી અચલભ્રાતાને જે સંશય હતો તે નષ્ટ થયો. તેમને નિર્ણય થયો કે પુણ્ય-પાપ છે. સંશય નષ્ટ થતાં તેમણે પોતાના ત્રણ સો શિષ્યો સાથે તે જ વખતે પરમાત્મા પાસે ૪૭ મા વર્ષની શરૂઆતમાં દીક્ષા લીધી અને ગણધર પદવી પામ્યા. ૧૨ વર્ષ છદ્મસ્થપણામાં રહી ૫૯ મા વર્ષની શરૂઆતમાં કેવલજ્ઞાન પામ્યા. ૧૪ વર્ષ સુધી કેવલીપણે વિચરી સર્વાયુ ૭૨ વર્ષનું પૂર્ણ કરી સનાતન શાંતિમય સિદ્ધિપદને પામ્યા. બાકીની બીના પ્રથમ ગણધરની માફક જાણવી.

# ૧૦. શ્રી મેતાર્ય ગણધર

આ મેતાર્ય દશમા ગણધર વચ્છ દેશાન્તર્ગત તુંગિક નામના ગામમાં રહેનાર કૌડિન્ય ગોત્રના પિતા દત્ત બ્રાહ્મણ અને માતા વરુણદેવાના પુત્ર હતા. તેમની જન્મરાશિ મેષ હતી અને તેમનું જન્મનક્ષત્ર અશ્વિની હતું. તેઓ મહાસમર્થ પંડિત અને ૩૦૦ શિષ્યોના અધ્યાપક હતા. તેમને 'પરલોક છે કે નહિ' એવો સંશય હતો. પ્રભુ શ્રી મહાવીરદેવના પસાયથી તે સંશય કઇ રીતે દૂર થયો? તે બીના ટૂંકામાં આ પ્રમાણે જાણવી—

પૂર્વોક્ત રીતે ઇન્દ્રભૂતિ વિગેરે નવે જણને દીક્ષિત થયેલા સાંભળી દશમા મેતાર્ય નામના પંડિતે વિચાર્યું કે—'જેના ઇન્દ્રભૂતિ વિગેરે નવે જણ શિષ્ય થયા તે મારે પણ પૂજ્ય જ છે; માટે હું પણ તેમની પાસે જાઉં, અને મારો સંશય દૂર કરું.' આ પ્રમાણે વિચારી મેતાર્ય પંડિત પોતાના ત્રણ સો શિષ્યો સાથે પ્રભુ પાસે આવ્યા. પ્રભુએ તેમને કહ્યું કે—"હે મેતાર્ય! તને એવો સંશય છે કે–પરલોક છે કે નથી? આ સંશય તને પરસ્પર વિરુદ્ધ ભાસતા વેદપદોથી થયો છે—

"**विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवाऽनुविनश्यति, न प्रेत्यसंज्ञाऽस्ति।**" આ વેદપદોથી તું જાણે છે કે પરલોક નથી. એ વેદપદોનો અર્થ તું આ પ્રમાણે કરે છે—

[**विज्ञानघन एव**] એટલે વિજ્ઞાનનો સમુદાય જ [**एतेभ्यो भूतेभ्यः समुत्थाय**] આ પૃથ્વી વિગેરે પાંચ ભૂતોમાંથી ઉત્પન્ન થઇને [**तान्येवाऽनुविनश्यति**] પાછો તે ભૂતોમાં જ લય પામે છે. [**न प्रेत्यसंज्ञाऽस्ति**] તેથી પરલોકની સંજ્ઞા નથી. અર્થાત્ પાંચ ભૂતોમાંથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે અને જ્યારે પાંચ ભૂતો વિનાશ પામે છે ત્યારે તે ચૈતન્ય પણ જલના પરપોટાની જેમ તે ભૂતોમાં લય પામે છે. આવી રીતે ચૈતન્ય એ ભૂતોનો ધર્મ છે, અને ભૂતો નષ્ટ થતાં તે ચૈતન્ય પણ વિનાશ પામે છે, તેથી બીજી ગતિમાં જવારૂપ પરલોક નથી. પણ વળી '**स्वर्गकामोऽग्निहोत्रं जुहुयात्**'–એટલે જે સ્વર્ગની ઇચ્છાવાળો હોય તે અગ્નિહોત્ર હોમ કરે તથા '**नारको वैष जायते यः शूद्रान्नमश्नाति**'–એટલે જે બ્રાહ્મણ શૂદ્રનું અન્ન ખાય છે તે નારકી થાય છે. ઇત્યાદિ વેદપદોથી પરલોકની સત્તા જણાય છે; કેમ કે જો પરલોક ન હોય તો અગ્નિહોત્ર કરનારો સ્વર્ગમાં કેમ જઇ શકે? તથા શૂદ્રનું અન્ન ખાનારો બ્રાહ્મણ નારકી પણ કેવી રીતે થઇ શકે? આવી રીતે તને પરસ્પર વિરુદ્ધ ભાસતા વેદપદોથી તું સંશયમાં પડ્યો છે કે—પરલોક છે કે નથી? પરંતુ હે મેતાર્ય! તારો આ સંશય અયુક્ત છે, કેમકે- '**विज्ञानघन०**' એ વેદવાક્યનો અર્થ તું સમજ્યો નથી. તેનો અર્થ આ પ્રમાણે છે-[**विज्ञानघन एव**] એટલે જ્ઞાન–દર્શનનો ઉપયોગ તે વિજ્ઞાન કહેવાય, તે વિજ્ઞાનના સમુદાયરૂપ જ

આત્મા [ **एतेभ्यो भूतेभ्यः समुत्थाय** ] જ્ઞેયપણે એટલે જાણવા યોગ્યપણે પ્રાપ્ત થયેલા આ પૃથ્વી વગેરે ભૂતોથકી, અથવા ઘટ, પટ વિગેરે ભૂતોના વિકારોથકી ' આ પૃથ્વી છે, આ ઘડો છે, આ વસ્ત્ર છે ' ઇત્યાદિ પ્રકારે તે તે ભૂતોના ઉપયોગરૂપે ઉત્પન્ન થઇને [ **तान्येवाऽनुविनश्यति** ] તે ઘટ વિગેરે ભૂતોનો જ્ઞેયપણે અભાવ થયા પછી આત્મા પણ તે પદાર્થોના ઉપયોગરૂપે વિનાશ પામે છે, અને બીજા પદાર્થના ઉપયોગરૂપે ઉત્પન્ન થાય છે, અથવા સામાન્ય સ્વરૂપે રહે છે. [ **न प्रेत्यसंज्ञाऽस्ति** ] આવી રીતે પૂર્વના ઉપયોગરૂપે આત્મા ન રહેલો હોવાથી તે પૂર્વના ઉપયોગરૂપ સંજ્ઞા રહેતી નથી. આ વેદપદોથી ઘટપટાદિ ભૂતોની અપેક્ષાએ આત્માના ઉપયોગની ઉત્પત્તિ અને વિનાશ સૂચવેલ છે, પણ તેથી ભૂતોમાંથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે એમ સમજવાનું નથી. ચૈતન્ય એ ભૂતોનો ધર્મ નથી, પણ આત્માનો ધર્મ છે. આત્મા દ્રવ્યરૂપે નિત્ય છે, અને તેથી આત્મા પરલોકમાં જાય છે તથા પરલોકથી આવે છે. આત્મા અનંતા છે. જે આત્માએ જેવાં કર્મ કર્યાં હોય તે અનુસારે તેને ગતિ મળે છે. "

આ પ્રમાણે પ્રભુ શ્રી મહાવીર પરમાત્માનાં વચનો સાંભળી પંડિત મેતાર્યને જે સંશય હતો તે નષ્ટ થયો, તેમને નિર્ણય થયો કે પરલોક છે. સંશય નષ્ટ થતાં તે પોતાના ત્રણ સો શિષ્યો સાથે તે જ વખતે પ્રભુ પાસે ૩૭ વર્ષની ઉંમરે દીક્ષા લઇ ગણધર પદવી પામ્યા. ૧૦ વર્ષ છદ્મસ્થપણામાં રહી, ૪૭ મા વર્ષની શરૂઆતમાં તે કેવલી થયા. ૧૬ વર્ષ કેવલીપણે વિચરી છેવટે ૬૨ વર્ષનું સર્વાયુ પૂર્ણ કરી, જન્મજરાદિ ઉપદ્રવરહિત પરમપદને પામ્યા. બાકીની બીના પ્રથમ ગણધરની માફક જાણવી.

## ૧૧. બાલમુનીશ્વર શ્રી પ્રભાસ ગણધર

રાજગૃહી નગરીમાં કૌડિન્ય ગોત્રમાં જન્મેલા બલ નામના બ્રાહ્મણ રહેતા હતા. તેને અતિભદ્રા ( અતિબલા ) નામની સ્ત્રી હતી. તેમને ત્યાં કર્કરાશી અને પુષ્ય નક્ષત્રમાં એક પુત્રનો જન્મ થયો. તેનું નામ પ્રભાસ પાડ્યું. તે અનુક્રમે સર્વ શાસ્ત્રોમાં નિષ્ણાત બન્યો. આ શ્રી પ્રભાસ બ્રાહ્મણ ૩૦૦ શિષ્યોના અધ્યાપક હતા. તેમને " **મોક્ષ છે કે નહિ** " એવો સંદેહ હતો. પ્રભુ શ્રી મહાવીરદેવના પસાયથી તે કઇ રીતે દૂર થયો ? તે બીના ટૂંકામાં આ પ્રમાણે જાણવી—

પૂર્વોક્ત રીતે ઇન્દ્રભૂતિ વિગેરે દસે જણને દીક્ષિત થયેલા સાંભળી અગિયારમા પ્રભાસ નામના પંડિતે વિચાર્યું કે–' જેના ઇન્દ્રભૂતિ વિગેરે દસે જણ શિષ્ય થયા તે મારે પણ પૂજ્ય જ છે; માટે હું પણ તેમની પાસે જાઉં અને મારો સંશય પૂછીને દૂર કરું. ' આ પ્રમાણે વિચારી તે પ્રભાસ પંડિત પોતાના ત્રણ સો શિષ્યો સાથે પ્રભુ પાસે આવ્યો. પ્રભુએ તેમને કહ્યું કે–" હે પ્રભાસ ! તને એવો સંશય છે કે– " **મોક્ષ છે કે નહિ ?** " આ સંશય તને પરસ્પર વિરુદ્ધ ભાસતા વેદપદોથી થયો છે—

" जरामर्यं वा यदग्निहोत्रम् ॥ "

ઉપરના વેદપદોથી તું જાણે છે કે મોક્ષ નથી. તે વેદપદોનો અર્થ તું આ પ્રમાણે કરે છે–જે અગ્નિહોત્ર તે જરામર્ય એટલે યાવજ્જીવ કરવો, અર્થાત્ અગ્નિહોત્રની ક્રિયા આખી જિંદગી સુધી કરવી. અગ્નિહોત્ર ક્રિયા કેટલાક જીવોને વધનું કારણ અને કેટલાકને ઉપકારનું કારણ હોવાથી દોષમિશ્રિત છે, તેથી અગ્નિહોત્ર કરનારને સ્વર્ગ મળે છે, મોક્ષ મળતો નથી. આવી રીતે ફક્ત સ્વર્ગરૂપ જ ફલ આપનારી ક્રિયાને આખી જિંદગી સુધી કરવાનું કહેલું હોવાથી મોક્ષરૂપ ફલ આપનારી ક્રિયા કરવાનો કોઇ કાળ રહ્યો નહિ, કેમ કે આખી જિંદગી સુધી અગ્નિહોત્ર કરનારને એવો કયો કાળ બાકી રહ્યો કે જે કાળે તે મોક્ષના હેતુભૂત ક્રિયા કરી શકે ? તેથી મોક્ષને સાધનારી ક્રિયાનો કાળ ન કહેલો હોવાથી જણાય છે કે મોક્ષ નથી. પણ વળી—

" द्वे ब्रह्मणी वेदितव्ये, परं अपरं च । तत्र परं सत्यज्ञानम् , अनन्तरं ब्रह्मेति ॥ "

" [ **द्वे ब्रह्मणी वेदितव्ये** ] એટલે બે બ્રહ્મ જાણવાં, [ **परम् अपरं च** ] એક પર અને બીજું અપર. [ **तत्र परं सत्यज्ञानम्** ] તેમાં પરબ્રહ્મ તે સત્યજ્ઞાન જાણવું, [ **अनन्तरं ब्रह्मेति** ] અને અનંતર બ્રહ્મ એટલે મોક્ષ જાણવું એ વેદપદોથી તથા " **सैषा गुहा दुरवगाहा**—એટલે સંસારને વિષે આસક્ત એવા પ્રાણીઓને આ મુક્તિરૂપી ગુફા દુરવગાહ એટલે પ્રવેશ ન થઇ શકે એવી છે. " ઇત્યાદિ વેદપદોથી મોક્ષ સત્તાની હયાતિ જણાય છે.

આવી રીતે પરસ્પર વિરુદ્ધ ભાસતા વેદપદોથી તું સંશયમાં પડ્યો છે કે " **મોક્ષ છે કે નથી ?** " પરંતુ હે પ્રભાસ ! તારો આ સંશય અયુક્ત છે, કેમકે—" **जरामर्यं वा यदग्निहोत्रम्** " એ વેદપદોનો ખરો અર્થ તું સમજ્યો નથી. તે વેદપદોમાં જે " **वा** " શબ્દ છે તે **अपि** એટલે ' પણ ' અર્થવાળો છે, તેથી એ વેદપદોનો અર્થ એમ થાય છે કે—**यावज्जीव** સુધી પણ અગ્નિહોત્ર હોમ કરવો, અર્થાત્ જે કોઇ સ્વર્ગનો અર્થી હોય તેણે આખી જિંદગી સુધી પણ અગ્નિહોત્ર કરવો, અને જે કોઇ મોક્ષનો અર્થી હોય તેણે અગ્નિહોત્ર છોડીને મોક્ષસાધક ક્રિયા પણ કરવી, પણ દરેક પ્રાણીએ અગ્નિહોત્ર જ કરવો એવો નિયમ નથી. આ પ્રમાણે ' **अपि** ' શબ્દનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે—જેને ફક્ત સ્વર્ગની ઇચ્છા હોય તેણે તો આખી જિંદગી સુધી અગ્નિહોત્ર કરવો, પણ જે ભવ્યજીવો મોક્ષના અર્થી હોય તેમણે તો અગ્નિહોત્ર ન કરતાં મોક્ષસાધક ક્રિયા જરૂર કરવી જોઇએ. " આ પ્રમાણે તે વેદપદોનો અર્થ હોવાથી મોક્ષસાધક ક્રિયાનો પણ કાળ કહ્યો જ છે, માટે મોક્ષ છે. શુદ્ધ જ્ઞાન, દર્શન અને ચારિત્રવડે જ્યારે સર્વ કર્મનો ક્ષય થાય ત્યારે તે મળે છે. આ પ્રમાણે પ્રભુ શ્રી મહાવીરદેવનાં વચનો સાંભળીને પ્રભાસ પંડિતનો સંશય દૂર થયો. તેમને નિર્ણય થયો

કે મોક્ષ છે. સંશય નષ્ટ થતાં તેમણે પોતાના ત્રણ સો શિષ્યો સાથે તે જ વખતે પ્રભુ મહાવીર દેવની પાસે ૧૬ વર્ષની ઉંમરે દીક્ષા લીધી અને ગણધરપદ પામ્યા. ૮ વર્ષ છદ્મસ્થપણામાં રહી, ૨૪ વર્ષની ઉંમર વીત્યા બાદ ૨૫ મા વર્ષની શરૂઆતમાં તેઓ કેવલજ્ઞાન પામ્યા. ૧૬ વર્ષ સુધી કેવલીપણે વિચરી સર્વાયુ ૪૦ વર્ષનું પૂર્ણ કરી પ્રભુની હયાતિમાં તેઓ સંપૂર્ણ આત્મરમણતા ગુણથી ભરેલ મોક્ષપદને પામ્યા.

× × ×

આવી રીતે ગૌતમ ગોત્રના શ્રી ઇન્દ્રભૂતિથી માંડીને પ્રભાસ પંડિત પર્યંત અગિયારે જણાએ પોતાના ચુમ્માલીસ સો શિષ્યો સાથે પ્રભુ શ્રીમહાવીરદેવની પાસે દીક્ષા લીધી. તે મુખ્ય અગિયાર મુનિવરોએ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય—એટલે દરેક પદાર્થો ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને દ્રવ્યરૂપે નિત્ય છે, એ પ્રમાણે પ્રભુ પાસેથી ત્રિપદીનું સ્વરૂપ જાણી ચૌદ પૂર્વ સહિત દ્વાદશાંગીની રચના કરી અને પ્રભુએ તેમને ગણધરપદે સ્થાપ્યા. આ રીતે તેમણે દ્વાદશાંગીની રચના કર્યા બાદ પ્રભુ મહાવીરદેવ તેમને તીર્થની અનુજ્ઞા કરે છે, તે વખતે શક્રેન્દ્ર દિવ્ય ચૂર્ણોનો ભરેલો વજ્રમય દિવ્ય થાળ લઈને પ્રભુની પાસે ઊભા રહે છે. ત્યારપછી પ્રભુ રત્નમય સિંહાસનથી ઊઠીને ચૂર્ણની સંપૂર્ણ મુષ્ટિ ભરે છે. તે વખતે ગૌતમ વિગેરે અગિયારે ગણધરો માથું જરા નીચું રાખીને અનુક્રમે પ્રભુની પાસે ઊભા રહે છે, અને દેવો વાજિત્રના ધ્વનિ, ગાયન વિગેરે બંધ કરી મૌન રહ્યા છતા સ્વસ્થ ચિત્તે સાંભળે છે. પછી પરમાત્મા શ્રી મહાવીરદેવ કહે છે કે—"ગૌતમને દ્રવ્ય, ગુણ અને પર્યાયવડે તીર્થની અનુજ્ઞા આપું છું." એમ કહી, પ્રભુએ પ્રથમ શ્રી ગૌતમસ્વામીના મસ્તક ઉપર ચૂર્ણ નાખ્યું, પછી અનુક્રમે નામ સાથે ઉપરનો પાઠ બોલીને બીજાઓના મસ્તક ઉપર પ્રભુ ચૂર્ણ નાંખે છે, એટલે દેવોએ પણ હર્ષિત થઇ તે અગિયારે ગણધરોની ઉપર ચૂર્ણ, પુષ્પ અને સુગંધી પદાર્થોની વૃષ્ટિ કરી. ત્યારપછી પ્રભુ શ્રી મહાવીરદેવે શ્રી સુધર્માસ્વામીને મુનિ-સમુદાયમાં અગ્રેસર સ્થાપી તેમને શ્રમણગણની અનુજ્ઞા આપી કારણ કે–તે દીર્ઘ આયુષ્યને ધારણ કરનાર હતા. વિશેષ બીના શ્રીવિશેષાવશ્યકાદિ ગ્રંથોમાંથી જાણવી.

ભવ્યજીવો અપૂર્વ તત્ત્વજ્ઞાનથી ભરેલી આ ગણધરકલ્પલતાને યથાર્થ સમજીને વિભાવદશાને દૂર કરે, નિજગુણરમણતામાં આગળ વધીને પરમાનંદ-મય મુક્તિના સુખ પામે. આ અંતિમ ભાવના જણાવીને આ શ્રી ગણધરકલ્પલતા પૂર્ણ કરું છું.

તપોગચ્છાધિપતિ-શાસનસમ્રાટ્-સૂરિચક્રચક્રવર્ત્તિ-જગદ્ગુરુ-પૂજ્યપાદ-પરમોપ-કારી–આચાર્યવર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વર ચરણકિંકરવિનેયાણુ વિજયપદ્મસૂરિએ અમ-દાવાદમાં વિ. સં. ૧૯૯૮ના ફાગણ શુદિ પાંચમે આ શ્રી ગણધરકલ્પલતાની રચના કરી.

| અંક. | નામ. | સંશય. | શિષ્ય પરિવાર. | જન્મભૂમિ. | જન્મ નક્ષત્ર. | જન્મ રાશિ. | પિતા. | માતા. | ગોત્ર. | ગૃહસ્થ પર્યાય. | છદ્મસ્થ પર્યાય. | કેવલી પર્યાય. | સર્વાયુષ્ય. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઇંદ્રભૂતિ | જીવનો | ૫૦૦ | મગધ દેશમાં ગોબર ગામ | જ્યેષ્ઠા | વૃશ્ચિક | વસુભૂતિ | પૃથિવી | ગૌતમ | ૫૦ | ૩૦ | ૧૨ | ૯૨ |
| ૨ | અગ્નિભૂતિ | કર્મનો | ,, | ,, | કૃત્તિકા | વૃષભ | ,, | ,, | ,, | ૪૬ | ૧૨ | ૧૬ | ૭૪ |
| ૩ | વાયુભૂતિ | શરીરથી જીવ જુદો નથી. | ,, | ,, | સ્વાતિ | તુલા | ,, | ,, | ,, | ૪૨ | ૧૦ | ૧૮ | ૭૦ |
| ૪ | વ્યક્ત | પંચભૂતનો | ,, | કોલ્લાક | શ્રવણ | મકર | ધનમિત્ર | વારુણી | ભારદ્વાજ | ૫૦ | ૧૨ | ૧૮ | ૮૦ |
| ૫ | સુધર્મા | જે અહીં જેવો હોય તે મરી તેવો થાય | ,, | ,, | ઉત્તરા-ફાલ્ગુની | કન્યા | ધમ્મિલ | ભદ્દિલા | અગ્નિ-વૈશ્યાયન | ૫૦ | ૪૨ | ૮ | ૧૦૦ |
| ૬ | મંડિત | બંધ મોક્ષનો | ૩૫૦ | મૌર્ય | મઘા | સિંહ | ધનદેવ | વિજયદેવી | વાશિષ્ટ | ૫૩ | ૧૪ | ૧૬ | ૮૩ |
| ૭ | મૌર્યપુત્ર | દેવનો | ,, | ,, | મૃગશીર | વૃષભ | મૌર્ય | ,, | કાશ્યપ | ૬૫ | ૧૪ | ૧૬ | ૯૫ |
| ૮ | અકંપિત | નારકીનો | ૩૦૦ | મિથિલા | ઉત્તરાષાઢા | મકર | દેવ | જયંતી | ગૌતમ | ૪૮ | ૯ | ૨૧ | ૭૮ |
| ૯ | અચલભ્રાતા | પુણ્યપાપનો | ,, | કોશલાનગરી | મૃગશીર | મિથુન | વસુ | નંદા | હારિત | ૪૬ | ૧૨ | ૧૪ | ૭૨ |
| ૧૦ | મેતાર્ય | પરલોકનો | ,, | વચ્છમાં તુંગિક | અશ્વિની | મેષ | દત્ત | વરુણદેવી | કૌડિન્ય | ૩૬ | ૧૦ | ૧૬ | ૬૨ |
| ૧૧ | પ્રભાસ | નિર્વાણનો | ,, | રાજગૃહી | પુષ્ય | કર્ક | બલ | અતિભદ્રા | ,, | ૧૬ | ૮ | ૧૬ | ૪૦ |

નીચેની બાબતો અગિયારે ગણધરોની એક સરખી સમજવી :—**સંઘયણ**—વજ્રઋષભનારાચ, **સંસ્થાન**—સમચતુરસ્ર, **દેહવર્ણ**—સુવર્ણ જેવો, **રૂપસંપદા**—તીર્થંકર દેવથી ઓછી અને આહારક શરીરથી ચઢિયાતી, **દીક્ષાસમય**—વૈશાક શુદિ ૧૧ના દિવસનો પૂર્વભાગ(પહેલા બે પ્રહર)નો, **જ્ઞાન**—ગૃહસ્થપણે ચૌદ વિદ્યાના પારગામી અને દીક્ષિતપણે દ્વાદશાંગી ગણિપીટકના ધારક અને છેવટે કેવળજ્ઞાની થયા, **નિર્વાણ**—રાજગૃહી નગરીમાં વૈભારગિરિ પર્વત ઉપર, માસક્ષપણ કરવાપૂર્વક પાદપોપગમન અનશનથી મોક્ષે ગયા. ઇંદ્રભૂતિ ને સુધર્મા સિવાયના ૯ ગણધરો પ્રભુની હયાતિમાં જ મોક્ષે ગયા.

## કરણ કરાવણ ને અનુમોદન, સરીખાં ફળ નિપજાયો.[1]

જાતે કરવું, બીજા પાસે કરાવવું અને કરનારની અનુમોદના કરવી, પ્રશંસા કરવી, તેનું મૂલ્ય આંકવું, તેની બૂઝ જાણવી એમાં કોઇ વખતે સરખાં ફળ પણ મળે છે. એ આત્મિક વિદ્યાના વિચિત્ર પણ વિશિષ્ટ અનુભવ છે. સાધારણ રીતે કરાવનાર કરતાં કરનારને વધારે લાભ મળવો જોઇએ અને ઘણુંખરું તેમજ બને છે અને વાતની પ્રશંસા કરનારને તદ્દન સામાન્ય લાભ મળવો ઘટે અને બને છે પણ તેમજ. પણ કર્મબંધનમાં રસબંધનો આધાર માનસિક દશા–આંતરવર્તના પર રહે છે, તેથી કોઇ વાર અનુમોદના કરનારની દશા એટલી બધી ઊંચા પ્રકારની થઇ જાય છે કે એના અનુમોદનના ભરમાં એ પણ ભારે આંતરજોર બતાવી શુભ કર્મબંધન કરે છે. અને કોઇ વાર તો કરનાર કરતાં પણ વધારે સારાં કર્મનો યોગ અનુમોદના કરનાર સાધી શકે છે.

એક ધનવાન સુંદર સંસ્થા બંધાવે કે ઉજમણું કરે કે સંઘજમણ આપે, પણ તેને તે પ્રસંગે માનપત્ર લેવાનું મન થઇ જાય કે પાઘડી બાંધવાની લાલસા થઇ જાય અને એક સામાન્ય માણસ એની ઉદારતાની દૂર બેઠા પ્રશંસા કરે તો ચોક્કસ સંયોગોમાં અનુમોદના કરનારની શુભ કર્મસંગતિ વધારે સારી થવાની પણ સંભવે છે. આ રીતે કરનાર, કરાવનાર અને અનુમોદના કરનારની ફળપ્રાપ્તિમાં વધારોઘટાડો થયાના અનેક પ્રસંગો કલ્પી શકાય તેવું છે.

પણ પોતાની પાસે લાખો રૂપિયા હોય અને છતાં પાઇ પણ ન ખરચતાં બીજાની ઉદારતાની અનુમોદના કરવાને પરિણામે કરનાર જેટલું ફળ મેળવવાની આશા રાખે તો તેમાં તે ભૂલ કરે છે. છતી શક્તિએ કાંઇ ન કરવું અને માત્ર અનુમોદનાને પરિણામે કાર્ય કરનારના જેટલા ફળની આશા રાખવી એમાં આત્મવંચના થઇ જાય છે અને ત્યાં ‘સરીખાં ફળ’ ની આશા ખોટી છે. એક સરખાં કાર્યની જોગવાઇ કે જરૂરીઆત ન હોય તો પ્રશંસામાં વાંધો નથી પણ છતી શક્તિ અને અનુકૂળતાએ માત્ર અનુમોદનાથી સંતોષ માની અકિંચિત્કર થવું પોષાય નહિ; બાકી સારાં કામની પ્રશંસા તો જરૂર કરવી ઘટે. પણ તેને તેવાં કાર્યની પ્રેરણા મેળવવા માટે ચીવટ હોવી જોઇએ અને અશક્તિ ખરેખર હોય તો તેના પ્રમાણિક સ્વીકાર માટે હોવી ઘટે.

છતાં ચોક્કસ સંયોગોમાં કરનાર, કરાવનાર અને અનુમોદના કરનાર ‘સરીખાં ફળ’ મેળવી શકે છે એ વાત બહુ આકર્ષક લાગે છે. બને તે કરવું, ન બને તો બીજા પાસે કરાવવું અને પોતે દૂર હોય તો આઘે રહ્યાં રહ્યાં કરનારની પ્રશંસા કરવી, પોતાની અશક્તિ કે બીનઅનુકૂળતા માટે ખેદ ધરવો અને કોઇનાં કામમાં સાચાં ખોટાં વિઘ્ન ઊભાં ન કરતાં, અથવા તેને કામ કરવામાં અમુક આશય કે અપેક્ષા હશે એવી કલ્પનાજાળની પાછળ ખોટી

---

1. ચોસઠ પ્રકારી પૂજાનો કળશ, ગાથા ૮ મી.

ટીકા ન કરતાં, સારાં કાર્યની પ્રશંસા જરૂર કરવી. કરનારનો અંદરનો આશય તો તે જાણે કે જ્ઞાની જાણે-એની તારે શી પંચાત છે? અને એ તારું કામ પણ નથી. તારે તો જે થાય તે બાહ્યદૃષ્ટિએ જોવાનું છે અને જેટલે અંશે કોઇ પણ કાર્ય આત્મિક ઉન્નતિને કરનારું હોય, જનતાના દુઃખ દર્દ ઓછાં કરનાર કે સુખસગવડમાં વધારો કરનાર હોય તેટલે અંશે તારું કામ તો તેનું ગૌરવ વધારવાનું જ છે. વાત ન સમજાય તો બેસી રહેવું, વિચાર કે અભિપ્રાય ન આપવો અને મૌન રહી પોતાનું કાર્ય કર્યા કરવું, પણ એને મોટાઇ, શેઠાઈ કે કિતાબ જોતાં હશે એવી તેવી વાત કરી સામાની વાતને ઢીલી ન કરી નાખવી. એવી રીતે વાત ઢીલી કરવામાં સ્વને કે પરને લાભ નથી.

કોઇ સંયોગોમાં કરનાર, કરાવનાર અને અનુમોદન કરનાર એક સરખો લાભ મેળવી શકે છે એટલે ગરીબ કે મધ્યમ સ્થિતિના માણસોને પણ ગભરાવું પડતું નથી. કોઇ સ્વામીવાત્સલ્યની પ્રેરણા કરે, તો કોઈ પીરસવામાં ભાગ લે, કોઇ તેટલું પણ ન બને તો કરનારને ધન્ય માને; મોટી સાહિત્ય સંસ્થાનું સ્થાપન કરીશ એમ ધારે. કાર્ય થાય તેટલી શક્તિ કે તેટલાં સાધન ન હોય તો એ ઇંટ પોતાની નાખે અને કાંઇ નહિ તો દૂર રહી કરનારને ધન્ય માને. આમાં આત્મવંચના કે સ્વશક્તિગોપન ન હોય તો કોઇ કોઈ વાર કરનાર જેટલો લાભ લઇ શકાય છે. આના પર એક સુંદર હકીકત પં. વીરવિજયજીએ જોડી દીધી છે. વાત એમ છે કે-બળદેવ ખૂબ રૂપવંત હોઇ દીક્ષા લીધા પછી વિશેષતઃ જંગલમાં રહેતા હતા, કારણ કે એમના સુંદર રૂપથી એમને વસતિમાં સ્ત્રીપરીષહ થતો હતો. જંગલમાં એક હરણ પૂર્વસંસ્કારથી મુનિદાનનો રાગી થયો. એ દાન આપનારને શોધી મુનિનો ચોળપટ્ટો પકડી તેને દાન આપનાર પાસે દોરી જાય. એક વખત એક કઠિયારો રથકાર હોઇ રથનાં લાકડાં માટે ઝાડની ડાળ કાપવાનું કામ કરતાં ડાળી કાપવાનું કામ થોડું કરી અધૂરું મૂકી તે જ ઝાડ નીચે ભાત ખાવા બેઠો. પેલો મૃગ બળદેવ મુનિને ત્યાં વહોરવા લઇ આવ્યો. આવા રૂપવંત મુનિને મહાન ત્યાગી જોઇ રથકારે પોતા પાસેથી ભોજન ગ્રહણ કરવા વિજ્ઞપ્તિ કરી. મુનિએ દાન લીધું, રથકારે આપીને પોતાના આત્માને ધન્ય માન્યો. વાચા વગરનો હરણ પોતાની દાન આપવાની અશક્તિ માટે ખેદ કરતાં રથકાર કઠિયારાને ધન્ય માનતો અનુમોદના કરતો રહ્યો. આ વખતે અકસ્માત બન્યો. અર્ધ કાપેલી ડાળ તૂટી પડી. તેની નીચે બળદેવ મુનિ, રથકાર કઠિયારો અને અનુમોદના કરતો હરણ આવી ગયા અને ડાળના વજનથી દબાઇ કચરાઇ મૃત્યુ પામ્યા. ત્રણે પાંચમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા.

આમાં મુનિનું શુભ ધ્યાન અને સ્વચ્છ ત્યાગ, કઠિયારાનો દાનપ્રભાવ અને વાચા વગરના મૃગની અનુમોદના એક સરખાં ફળ નીપજાવી શકી. હરણ પાસે દાન દેવાની વસ્તુ હોત અને છતાં તે શક્તિ દબાવી ખાલી ભાવના ભાવતો હોત તો કદાચ એની સ્થિતિ જુદી થાત. અનુમોદનામાં આંતરપ્રેમ, સાચી બૂઝ અને નિર્ભેળ પ્રશંસા હોય તો તેમાંથી પણ સારું પરિણામ નીપજાવી શકાય છે એ વાત ખૂબ વિચારવા યોગ્ય છે. બને તો સારું કામ કરવું, ન બને તો અન્ય પાસે કરાવવા પ્રેરણા કરવી અને કરે તેની બલિહારી માનવી, તેનું બહુમાન કરવું, તેની પ્રશંસા કરવી. દૂધમાંથી પોરા કાઢવાની ટેવ ન

# એક શ્રેષ્ઠીપુત્રના વિચારો

એક નાના સરખા શહેરમાં કાળુ નામે શેઠ રહેતો હતો. તે ખેડૂત વિગેરેમાં ધીરધાર કરતો હતો. તેને એક પુત્ર હતો તે અમદાવાદ જેવા શહેરમાં અભ્યાસ કરવા ગયો હતો. સારી રીતે અભ્યાસ કરીને તેમજ સત્સંગતિનો લાભ લઈને ૫-૭ વર્ષે તે પોતાના વતનમાં આવ્યો, તેને ઉદ્દેશીને તેના પિતાએ કહ્યું કે—

“ ભાઇ ! આપણી સ્થિતિ પ્રથમ તો બહુ નરમ હતી, પછી કાંઇક ઉદ્યમ વિગેરે કરીને બે પૈસા મેળવ્યા, તેનાવડે ધીરધાર કરીને એકના બમણા ચોગણા કરીને તેમ જ અભણ ખેડુ વિગેરેને ભૂલાવીને બે પૈસા વધારે મેળવ્યા. તેને અંગે કેટલાકની ઉપર જપ્તિઓ કરાવવી પડી, ઘર ને ઘરવકરી વેચાવવી પડી, કાળા ધોળા પણ કરવા પડ્યા ત્યારે હવે આવી સ્થિતિ થઇ છે. પ્રથમ મને જે લોકો કાળીઓ નામથી સંબોધતા હતા તે હવે કાળુભાઈ શેઠ કહે છે. હું પાંચમાં પૂછાઉં છું. મારી સલાહ લેવા કેટલાક આવે છે. આ બધા લક્ષ્મીદેવીના પ્રતાપ છે. આ બધું તારે માટે કર્યું છે. હવે તો તું પરણુ અને તારે ઘેર પુત્ર પુત્રી થાય એટલે તેને જોઈને હું જાઉં તો મારી સદ્ગતિ થાય, બાકી લક્ષ્મી તો સાથે કોઈ પણ લઇ જતું નથી.

“ આજે આપણા મુનીમની સાથે કેશવ પટેલને ત્યાં જા. તેની પાસે ત્રણ સો રૂપીઆ લેણા છે. તે વાયદા કર્યા કરે છે ને કાંઇ આપતો નથી, તેથી જો આજે કાંઈ ન આપે તો તરત જ દાવો દાખલ કરજે. ”

પુત્રને પિતાની વાત સાંભળીને ઘણો ખેદ થયો. તે મુનીમની સાથે કેશવ પટેલને ત્યાં ગયો. ત્યાં જઇને જોયું તો તેના ઘરમાં એક પણ સારી ચીજ ન હતી. સ્ત્રીઓના શરીર ઉપર ફાટ્યાતુટ્યા કપડા હતા. સૂવા માટે પાથરવાની વસ્તુ નહોતી. કેશવ પટેલની મા વૃદ્ધ હતી તે જેમ તેમ પડી હતી તે શ્રેષ્ઠીપુત્રને આવેલો જોઇ માંડ

---

રાખવી અને આવો અવસર ફરી ફરીને મળનાર નથી એમ વિચારી બને તેટલું કરી છૂટવું, બીજા પાસે કરાવવું અને કરે તેને યોગ્ય માન આપી તેને અભિનંદન આપવું. સારાં કાર્યનો આ મહિમા છે કે તે કરનાર અને કરાવનારને તો લાભ જરૂર આપે છે, પણ તેની પિછાન કરનાર કે તેના વખાણ કરનારને પણ લાભ આપે છે. અને વિશિષ્ટ સંયોગોમાં તો કેટલીક વાર કરનારના જેટલો જ લાભ અપાવે છે અને કોઈ વાર કરનારમાં માનની આકાંક્ષા હોય કે દંભનો દેખાવ હોય તો નિર્ભેળ પ્રશંસા કરનાર ખૂદ કામ કરનાર કરતાં પણ વધારે લાભ ખાટી જાય છે. કામ કર્યા વગર દૂર બેઠા બેઠા હાથ પગ ચલાવ્યા વગર કામ કરનાર જેટલો લાભ મેળવવો એમાં અક્કલ, આવડત તેમજ સરળતાનો સવાલ રહે છે અને આમ કરવું સર્વને સુકર હોઇ ખાસ વિચારણા અને અમલ માગે છે અને ન બને તો મૌન તો જરૂર માગે છે. મૌક્તિક

માંડ ઊઠી અને તેની પાસે આવી ખોળો પાથરીને બોલી કે–' ભાઇ ! મારા દીકરા ઉપર દાવો–ફરિયાદ કરીશ નહી. અમારે તમારાં રૂપિયા દૂધમાં ધાલીને દેવા છે, પણ બે વરસ નબળા આવવાથી ભરી શકયા નથી. ઘરમાં ખાવા માટે અનાજ નથી,' કાલે શું ખાશું તેના ઠેકાણા નથી. મારો દીકરો તો કાંઇ બોલી શકે તેમ નથી. ડોશી આમ કહે છે તેવામાં કેશવ પટેલની ૫–૭ વરસની દીકરી તેના બાપા પાસે આવીને બોલી કે 'બાપા ! તમે કેમ દિલગીર છો ? મેં ઘાઘરી માગી માટે ? તમે દિલગીર થશો નહીં. હું ઘાઘરી નહીં માગું, ફાટેલી ઘાઘરીથી ચલાવી લઇશ.' આવા તેના કાલાકાલા વચનો સાંભળી શ્રેષ્ઠીપુત્રે તેને પોતાના ખોળામાં બેસાડીને કહ્યું કે–'દીકરી ! તારી વાસ્તે ઘાઘરી ને ચુંદડી બેઉ આવશે.' તે બોલી કે–'મારા બાપા કયાંથી લાવશે ? તેની પાસે પૈસા કયાં છે ?' શ્રેષ્ઠીપુત્ર પદ્મકુમારે કહ્યું કે–'હું મોકલીશ.' ત્યારે કેશવ બોલ્યો કે–'મારે ખાતે માંડીને મોકલશો. મારે કોઇનું હરામનું જોતું નથી.' પદ્મકુમારે કહ્યું કે–'તેની તારે ચિંતા ન કરવી.' પછી તેની બધી સ્થિતિ જોઇને તે પોતાના પિતા પાસે આવ્યો. પિતાએ પૂછયું કે 'શું કરી આવ્યો ?' તે કહે કે–'કાંઇ કરવા જેવું નહોતું તેથી પાછો આવ્યો.' શેઠ બોલ્યા કે–'એમ પૈસા નહી વધે. આવી દયા કરશો તો ભિખ માગશો.' આવું સાંભળી ન શકવાથી પદ્મકુમારથી રહી શકાયું નહી, તેથી તે બોલી ઉઠયો કે–' પિતાજી ! આપની બધી વાત સાંભળીને મને બહુ ખેદ થયો છે. જો કે આપ તો પિતા હોવાથી મારે પૂજનિક છો, પરંતુ આપની આજ સુધીની બધી કૃતિ સારા માણસને ઘટે તેવી નથી. આપે આ બધું–કાળાધોળા કે અપ્રમાણિકપણું મારે માટે કર્યું હોય તો તેમાં ભૂલ થઇ છે. આપે મેળવેલા પૈસામાં હું ખેડૂતોનું ને ગરીબ માણસોનું લોહી જોઉં છું. હું એવા પૈસાને ઇચ્છતો નથી. હું અનીતિ કે અપ્રમાણિકપણું કરીને શ્રીમંત થવા ઇચ્છતો નથી. મારે તમારી મેળવેલી સંપત્તિ અગ્રાહ્ય છે. આપ તેનું ગમે તે કરશો. મારે એવો વારસો જોતો નથી. હું તો અમદાવાદ જેવા શહેરમાં જઇશ અને પ્રમાણિકપણે ઉદ્યમ કરી જે મળશે તેમાં આનંદથી ગુજરાન ચલાવીશ. હું ગૃહવાસ ચલાવી શકું તેવો થઇશ ત્યારે જ સંસાર માંડવાનો વિચાર કરીશ. આવાં મારાં વચનોથી આપ ખેદ ન કરશો. જો તેમાંથી સાર ગ્રહણ કરી શકો તો કરશો; નહીં તો આપનું કલ્યાણ થજો. હું તો કેશવ પટેલની સ્થિતિ જોઇને કંપી ઊઠ્યો છું. આખું વરસ તન તોડીને મહેનત કરનારના ઘરમાં ખાવા અનાજ પણ ન હોય તેનું કારણ શું ? તેનું કારણ તેના ધીરનારાઓની અનીતિ છે, પરંતુ યાદ રાખશો કે એવી અનીતિથી મેળવેલ દ્રવ્યથી કોઇનું શ્રેય થયું નથી ને થવાનું નથી. પાછલા ભવનું પુણ્ય હોય ત્યાંસુધી કાંઇક ઠીક દેખાય પણ અંતે ધૂળની ધૂળ સમજશો. ''

પુત્રની આવી સમજપૂર્વકની વાત સાંભળીને શેઠ વિચારમાં પડી ગયા. તેને લાગ્યું કે–'પુત્ર કહે છે તે વાત સાચી છે. આજ સુધી હું અંધારામાં રહ્યો હતો. આજે એણે મારી આંખ ઊઘાડી છે, મારું કર્તવ્ય સમજાવ્યું છે. જો પુત્ર મારો વારસો લેવા

ન ઇચ્છે તો એ લક્ષ્મી શા કામની છે? પુત્ર વિના મારી જિંદગી પણ શા કામની છે? મેં તો એની આશામાં ને આશામાં આટલી જિંદગી કાઢી છે. હવે એ જેમ કહે તેમ કરવું એ જ યોગ્ય છે. ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણવામાં જ સાર છે, શ્રેય છે ને તેમાં જ કલ્યાણ છે.'

આમ વિચારી તેણે પોતાના પ્રિય પુત્ર પદ્મકુમારને કહ્યું કે-"તેં કહી તે બધી વાત મને સાચી લાગી છે. આજ સુધીની કૃતિનો આજે મને પસ્તાવો થાય છે, તો હવે તું કહે તેમ કરવા હું તૈયાર છું. મારે માટે તારે ખેદ ન કરવો. મારે કરવા જેવો માર્ગ તું બતાવ કે જેથી મારી પાછલી જિંદગી સુધરે."

પદ્મકુમારે કહ્યું કે-"જો તમને ખરેખરો પસ્તાવો થયો હોય તો પ્રથમ તો અત્યારે જેની જેની પાસે લેણું હોય તે બધું તેને બોલાવીને તેમની રૂબરૂમાં માંડી વાળો. આપે તેનું ઘણું ખાધું છે. તદુપરાંત જેને ખપ હોય તેને વગર વ્યાજે ધીરો અને તેને અન્ન વસ્ત્ર પૂરા પાડી તેનો ને તેની સંતતિનો આશીર્વાદ લ્યો. જુઓ! એમ કરવાથી તમારો આત્મા કેટલો પ્રસન્ન થાય છે? અને લોકમાં પણ તમારી કેટલી સાચી વાહ વાહ બોલાય છે?"

કાળુભાઇ શેઠે પુત્રના કહેવા પ્રમાણે તરત જ એ કામ કરવા માંડયું. લોકો તો આશ્ચર્ય પામી ગયા કે આ કાળુભાઇ શેઠ એકાએક બદલાઇ કેમ ગયા! પછી તો અન્નવસ્ત્રની ઇચ્છાવાળા તેની પાસે આવવા લાગ્યા. શેઠ તેને યથાયોગ્ય મદદ કરવા લાગ્યા. આમ થવાથી પાપની કમાણીવડે પણ પુણ્ય ઉપાર્જન થવા માંડયું. આવા પુણ્યકાર્યથી તેની લક્ષ્મી તો ચારે બાજુથી ઊલટી વધવા માંડી અને પદ્મકુમાર પણ શાંતિથી ત્યાં રહ્યો. ગામના અનેક શ્રીમંતોને સાચો માર્ગ બતાવી તેણે તેમને સાચે માર્ગે ચડાવ્યા, જેથી તે ગામની દશા પણ બદલાઇ ગઇ અને દરેક માણસ સાચા સુખનો અનુભવ કરવા લાગ્યો.

પદ્મકુમારે પરોપકારના તેમજ જનસેવાનાં કાર્યો કરવા માંડ્યાં. પ્રમાણિકપણે પાપ રહિત વ્યાપાર કરવા માંડ્યો. ગરીબો ઉપર તો તેની અનુકંપા ઉછળી રહી. ગામમાં પણ લોકો તેનું અનુકરણ કરવા લાગ્યા. ખેડૂતોની સ્થિતિ સુધરી ગઇ. તેઓ પૂરતો પ્રયાસ કરીને ધાન્ય ઉત્પન્ન કરવા લાગ્યા અને અન્ન વસ્ત્રે સુખી થયા. આ દૃષ્ટાંત અનુકરણીય છે.

જેને હિતશિક્ષા ગ્રહણ કરવી છે તેને માટે તો આવા અનેક દૃષ્ટાંતો છે. મારી ઇચ્છા અવકાશે અવકાશે તેવા દૃષ્ટાંતો આપવાની છે. આશા છે કે તેના પર વાચકવર્ગ જરૂર ધ્યાન આપશે.

કુંવરજી

# સ્થાવરોનો સંવાદ

**पृथ्वीकाय:**—જગતમાં મારા જેવો ઉપકાર કોણ કરે છે? હું હોવાથી જગતમાં ધાન્યની ઉત્પત્તિ, ઘર બાંધવામાં મારી જરૂર, ધાતુઓની ઉત્પત્તિ મારાથી, જગતના ભારને વહન કરનાર પણ હું, દરેક પ્રકારના કાચ પણ મારાથી ઉત્પન્ન થાય–વાસણ જેવી ચીજ માંજવામાં પણ મારી જરૂર, કહો મારો કેટલો ઉપકાર?

**अपूकायः**—મારા જેટલો ઉપકાર જગતમાં કોઇનો નથી, ઘર બાંધવામાં તમારી જરૂર ખરી પણ મારી મદદ વગર તમારી કાંઈ કિંમત નથી. ધાન્ય વાવ્યા છતાં હું ન હોઉં તો તેની ઉત્પત્તિ થાય નહિ. કાચની બનાવટમાં તથા વાસણ માંજવામાં દરેકમાં તમારે મારી મદદ લેવી જ જોઇએ, છતાં પણ એક ગુણ મારામાં એવો છે કે જગતનાં પ્રાણી મારા સિવાય જીવી જ શકે નહિ. કહો તમારા કરતાં પણ મારો ઉપકાર વધારે કે નહિ?

**तेउकायः**—પૃથ્વીકાય અને અપૂકાય! ઝઘડો છોડો, તમો બન્ને જગતને ઉપકાર કરો છો છતાં હું ન હોઉં તો તમારી ફુટી કોડી જેટલી પણ કિંમત નથી. જુઓ જગતના અંધકારમાં મારી જરૂર, સોનીને, લુવારને દરેક કારખાનામાં મારી જરૂર, અરે! જગતના દરેક પ્રાણીને મારા વગર ચાલે જ નહિ. તમારા બન્નેની ઓળખાણ મારાથી જ છે. કારણ ધાન્યને પકાવવું હોય ત્યારે ચૂલાની જરૂર–પાણીની જરૂર એટલે તમે બન્ને એકઠા થયા પણ હું હોઉં ત્યારે તે પકાવી શકાય અને જગત તેનાં આધારે જીવે. કહો કોનો ઉપકાર વધારે છે?

**वाउकायः**—તમારા વાદવિવાદમાં મારે પણ કાંઇક બોલવું જોઇએ. તમે ત્રણે જણા જગતમાં ઉપકાર કરી રહ્યા છો પણ તમારી જાહેરાત મારાથી જ છે. ભલે તમે જગતને ઉપકાર કરતા હો; પરંતુ તમારા જીવનરૂપે જીવનશક્તિ ધારી રાખવા હું અનન્ય મદદગાર છું અને તે રૂપે તમે જીવી શકો છો. તમે મારાથી જીવ્યા એટલે જગત તમોને પૃથ્વી, અપ્, તેઉરૂપે ઓળખતું થયું, પણ હું જ ન હોત તો તમોને ઓળખત કોણ? એટલે મારા જેટલો ઉપકાર જગતનાં પ્રાણીઓને બીજા કોઇનો નથી.

**वनस्पतिकायः**—રહેવા દો. અભિમાન કોઇનું છાજતું નથી અને છાજશે પણ નહિ. તમોને ગર્વ આવેલ છે પરંતુ તે કાચી ઘડી પણ રહી શકવાનો નથી. સાચાને સાચી રીતે સમજાય ત્યારે ગર્વ ગળી જાય છે. સાંભળો, હું જગતને શું ઉપકાર કરું છું તે ટૂંકામાં કહું. હું રોગીને નિરોગી કરું છું. કીડીથી માંડી કુંજર સુધીના જીવોને તેમજ મનુષ્યોને હું જ જીવાડું છું. મારા એક શરીરથી અનંત જીવોની રક્ષા કરું છું. પૃથ્વી, અપ્, તેઉ કે વાઉ બધાય પોતપોતાની શક્તિ ચલાવો છો પણ હું જ ન હોત તો તમારી શી કિંમત? પૃથ્વીને અપૂની મદદ, તે બન્નેને તેઉની

મદદ–એમ પરસ્પર મદદ લેતાં આવે છે, પરંતુ મારાવડે જ તમો ઉજળા છો કારણ હું હતી ત્યારે પૃથ્વીનું વાવેતર, પાણીની પણ કિંમત મારાથી, તેઉ પણ હું હતી તેથી કામમાં આવી. આપણે જીવ્યા ન હોત તો વાઉની પણ શી કિંમત? એટલે પરસ્પર એકબીજાનો સરખો જ ઉપકાર જગત ઉપર છે; માટે ગર્વ છોડો. વળી તમારા કરતા મારામાં ઊંઘવું, જાગવું, ભય પામવું, રડવું, હસવું એવા અનેક પ્રકાર પંચેન્દ્રિય જેવાં છે, જે જોઈ પંચેન્દ્રિય પણ ખુશી થાય છે. એટલે તમારા કરતાં પણ આનંદ હું વધુ પમાડું છું. [ સહુ પોતપોતાને સ્થાને જાય છે. ]

મહેતા ચંપકલાલ ભોગીલાલ–પેથાપુર

# धर्म से धैर्य की प्राप्ति ।

सबर का नतीजा सदा अच्छा होगा ।
सबर जो करेगा सुखी वोही होगा ॥ १ ॥

भला चाहेगा तो भला उसका होगा ।
बूरा चाहेगा तो बूरा उसका होगा ॥ २ ॥

यही धर्म नीति बताती है हमको ।
धरम से ही धीरज रतन प्राप्त होगा ॥ ३ ॥

धरम के मरम को प्रथम ही परखना ।
धरम नाम जगमें अनेकों का होगा ॥ ४ ॥

धरम जगमें सच्चा कहाता है वोही ।
रहा जीसमें मूल दया का ही होगा ॥ ५ ॥

दया धर्म से जो अलंकृत हुवे हैं ।
उन्ही पास में यह रतन धैर्य होगा ॥ ६ ॥

भले क्यों ? न आवे चाहे कैसा संकट ।
डरेंगे नहीं न कभी हाय ! होगा ॥ ७ ॥

विचारेंगे धर करके धीरज रतन से ।
इसी धैर्य बल से शमन उसका होगा ॥ ८ ॥

अगर सुख व शान्ति जो जीवन में चाहो ।
धरो धैर्य तो राज शान्ति का होगा ॥ ९ ॥

राजमल भंडारी–आगर ( माळवा )

# प्रश्नोत्तर

( પ્રશ્નકાર—**શાહ મંગળદાસ કંકુચંદ—સાલડી** )

**પ્રશ્ન ૧**—શ્રીપાળ રાજા કયા પ્રભુના વખતમાં થયા છે ?

**ઉત્તર—શ્રી મુનિસુવ્રતસ્વામીજીના** વખતમાં થયા છે.

**પ્રશ્ન ૨**—કલંકી રાજા સં. ૧૯૧૪ માં થયાનું કહે છે તે બરાબર છે ?

**ઉત્તર**—એ બાબતમાં નિર્ણય થઇ શકતો નથી.

**પ્રશ્ન** ૩—સવારના પ્રતિક્રમણમાં પચ્ચખ્ખાણ કર્યા પછી ગુરુ પાસે પચ્ચખ્ખાણ લેવાની જરૂર છે ?

**ઉત્તર**—પચ્ચખ્ખાણ સવારે પ્રતિક્રમણમાં, પછી દેરાસરે દર્શન કરતા પ્રભુ પાસે, પછી ગુરુવંદન કરવા જતા ગુરુ પાસે-એમ ત્રણ વખત લેવું જોઈએ.

**પ્રશ્ન** ૪—ભરત તથા ઐરવત ક્ષેત્રમાં કાળ સરખો વર્તે ?

**ઉત્તર**—પાંચ ભરત ને પાંચ ઐરવત દશે ક્ષેત્રમાં એક સરખો કાળ જ કાયમ વર્તે એમ સમજવું.

**પ્રશ્ન** ૫—દશે ક્ષેત્રમાં તીર્થંકરોની પાંચે કલ્યાણકની તિથિઓ એક જ હોય ?

**ઉત્તર**—એક જ હોય. અતીત, અનાગત કાળમાં પણ કલ્યાણકની તિથિઓ તે જ હોય પણ ક્રમ ઉત્ક્રમ સમજવો. એટલે અવસર્પિણીમાં ૨૪ મા પ્રભુની જે તિથિઓ હોય તે ઉત્સર્પિણીમાં પહેલા પ્રભુની સમજવી.

**પ્રશ્ન** ૬—પૌષધમાં કાળવખતના દેવ કયારે વાંદવા ?

**ઉત્તર**—પ્રભાતના રાઇ પડિક્કમણું કરીને, મધ્યાહ્નના મધ્યાહ્ને અને સાંજના પ્રતિક્રમણ કર્યા અગાઉ વાંદવા.

**પ્રશ્ન** ૭—દશ ક્ષેત્રોમાં સાધુ-શ્રાવકનાં વ્રતો વિગેરે સરખા હોય ?

**ઉત્તર**—એક સરખા જ હોય.

**પ્રશ્ન** ૮—પતાસા ચોમાસામાં અભક્ષ્ય ગણાય છે ? **ઉત્તર**—ગણાતા નથી.

**પ્રશ્ન** ૯—તીર્થંકરનામકર્મ બાંધવું અને નિકાચિત કરવું તેમાં ફેર છે ?

**ઉત્તર**—બાંધવું તે દળિયા મેળવવાં, નિકાચિત તો પાછલા ત્રીજે ભવે જ થાય એટલે પછી ત્રીજે ભવે તીર્થંકર થાય. તેથી પહેલા નિકાચિત ન જ થાય.

**પ્રશ્ન ૧૦**—વીશ સ્થાનકના આરાધનથી જ તીર્થંકરનામકર્મ બંધાય ?

**ઉત્તર**—વીશમાંથી એક, બે કે તેથી વધારે સ્થાનકોના સેવનથી જ તીર્થંકરનામકર્મ બંધાય, પરંતુ તે વીશમાં ધર્મારાધનના બધા પ્રકારો આવી જાય છે; કોઇ બાકી રહેતા નથી.

**પ્રશ્ન ૧૧**—રાવણે અષ્ટાપદ પર્વત પર તીર્થંકરનામકર્મ બાંધ્યું એટલે શું સમજવું ? **ઉત્તર**—એનો ખુલાસો ઉપર આવી ગયો છે.

**પ્રશ્ન ૧૨**—આગામી ચોવીશીના તીર્થંકરો અત્યારે કયાં છે એમ બતાવ્યું છે તે અત્યારે એટલે વર્તમાન કાળે સમજવું કે કેમ ?

**ઉત્તર**—એમ જ સમજવાનું છે. તીર્થંકરો કયાંથી આવીને થશે તે એમાં બતાવેલું નથી.

**પ્રશ્ન ૧૩**—તીર્થંકરનામકર્મનો ઉદય કયારે સમજવો ?

**ઉત્તર**—પ્રદેશઉદય તો બાંધ્યા પછી અંતર્મુહૂર્તે શરૂ થાય છે, પરંતુ વિપાકોદય તો કેવળજ્ઞાન પામ્યા પછી સમવસરણમાં બેસી દેશના આપે ત્યારે થાય છે. જન્મથી જે તેમની ભક્તિ થાય છે તે બીજી પુણ્યપ્રકૃતિનો ઉદય સમજવો.

**પ્રશ્ન ૧૪**—તીર્થંકરના સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકાની સંખ્યા કેવી રીતે સમજવી?

**ઉત્તર**—તીર્થંકર કેવળજ્ઞાન પામ્યા પછી ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે ત્યારથી સમજવી. પ્રભુ પાસે જે દીક્ષા ગ્રહણ કરે તે તેના સાધુ-સાધ્વી ગણાય, અને પ્રભુ પાસે શ્રાવકના વ્રતો ઉચ્ચરે તે તેના શ્રાવક-શ્રાવિકા ગણાય.

**પ્રશ્ન ૧૫**—લાઇબ્રેરીમાંથી વાંચવા માટે પુસ્તક લાવ્યા પછી તેમાં કાંઇ લખી શકાય ? **ઉત્તર**—સુધારી શકાય, બગાડી ન શકાય.

**પ્રશ્ન ૧૬**—દેરાસરના ઘીથી દીપકપૂજા થાય ?

**ઉત્તર**—જે દેરાસરના ઘીથી તૈયાર રાખેલો દીપક ઉતારો તે દીપકપૂજા કરી કહેવાય. તે બદલ વર્ષ દિવસે કાંઇક દેરાસરમાં આપવું યોગ્ય છે, બાકી ઘરના લાવેલા ઘીથી દીપકપૂજા કરે તે વધારે ઉત્તમ છે.

**પ્રશ્ન ૧૭**—પૌષધમાં પ્રભાવના વહેંચી શકાય ?

**ઉત્તર**—બીજું ન વહેંચાય, પુસ્તક વહેંચી શકાય.

( ૨ )

( પ્રશ્નકાર—**શા. ઝવેરચંદ છગનલાલ-મીયાંગામ ( સુરવાડાવાળા )**

**પ્રશ્ન ૧**—અવ્યવહારરાશિ ને વ્યવહારરાશિ કોને કહીએ ?

**ઉત્તર**—સૂક્ષ્મ વનસ્પતિકાય તે અવ્યવહારરાશિ ને બીજા જીવોનો સમૂહ તે વ્યવહારરાશિ જાણવી.

**પ્રશ્ન ૨**—નિગોદ એટલે શું ?

**ઉત્તર**—એક શરીરમાં અનંતા જીવો હોય તે નિગોદ કહેવાય. તેના સૂક્ષ્મ અને બાદર એવા બે ભેદ છે.

**પ્રશ્ન ૩**—જેટલા જીવો અહીંથી મોક્ષે જાય તેટલા જીવો અવ્યવહારરાશિમાંથી નીકળીને વ્યવહારરાશિમાં આવે એવો નિયમ છે ?

**ઉત્તર**—એવી ત્રિકાળ વ્યવસ્થા છે.

**પ્રશ્ન** ૪—જો એમ વ્યવસ્થા હોય તો જેટલા જીવો સિદ્ધમાં જાય તેટલા અવ્યવહારરાશિમાં ઘટે કે કેમ?

**ઉત્તર**—એટલા જીવો ઘટે, પરંતુ અવ્યવહારરાશિમાં એકેક નિગોદમાં એટલા અનંતા જીવો છે કે અનંત કાળથી તેમાંથી જીવો નીકળે છે, છતાં એક નિગોદનો અનંતમો ભાગ ઘટ્યો છે.

**પ્રશ્ન** ૫—અસહ્ય માંદગીના વખતમાં પૂર્વે કરેલા નિયમોને અંગે સવ્વ-સમાહિવત્તિયાગારેણં આગારનો ઉપયોગ થઇ શકે?

**ઉત્તર**—થઇ શકે. એટલા માટે જ તે આગાર છે ને કોઇપણ નિયમ લેતાં એ આગાર રખાય છે, પરંતુ તેનો ઉપયોગ કયારે કરવો તે વિચક્ષણનું કામ છે. વળી આરામ થયા બાદ તેને માટે ગુરુ પાસે આલોયણ લેવી જોઇએ.

**પ્રશ્ન** ૬—પર્વતિથિએ લીલોતરીના ત્યાગવાળાને પાકી કે કાચી કોઇ વનસ્પતિ ન ખપે કે કેમ?

**ઉત્તર**—બંને ન ખપે. લીલું દાતણ સૂકાણું ન હોય તો તે પણ ન ખપે.

**પ્રશ્ન** ૭—દેરાસરમાં દર્શન કરવા જતાં હાથમાં કે ગજવામાં જે ખાવાની વસ્તુ રહી ગઇ હોય તે બહાર આવ્યા પછી ખવાય?

**ઉત્તર**—ન ખવાય. એને માટે પાંચ અભિગમ જાળવવાના કહ્યા છે, તેમાં સચિત્ત શબ્દે ભક્ષ્ય પદાર્થ બધા બહાર મૂકવા એમ સમજવું.

**પ્રશ્ન** ૮—ગરમ કપડા દિશાએ જતાં વાપર્યા હોય કે ઋતુવંતી સ્ત્રીએ વાપર્યા હોય તે જિનપૂજામાં વાપરી શકાય? **ઉત્તર**—ધોયા વિના ન વપરાય.

**પ્રશ્ન** ૯—ઋતુવંતી સ્ત્રીના વસ્ત્રાદિને અડી જવાથી સ્નાન કરવું જ પડે કે તે વિના માત્ર પાણી છાંટવાથી શુદ્ધિ થાય?

**ઉત્તર**—પાણી છાંટવાથી શુદ્ધિ ન થાય.

**પ્રશ્ન** ૧૦—ઘાસલેટ તેલનું ફાનસ ઋતુવંતીએ અડેલ હોય તો તે વાપરી શકાય?

**ઉત્તર**—એમાં બાધક જણાતો નથી.

**પ્રશ્ન**—રેલ્વે ટ્રેનમાં તેમજ યાત્રા નિમિત્તની સ્પેશીયલ ટ્રેનમાં ઋતુવંતી સ્ત્રીને અંગે ઘણી ઉપાધિ થવાનો સંભવ છે, તેથી તેમાં શું કરવું?

**ઉત્તર**—તેમાં બની શકે તેટલો વિવેક જાળવવો. અશકયપરિહારમાં બીજું શું કહી શકાય?

કુંવરજી

**गोधन गजधन अश्वधन, और रत्नधन खान ।**
**जब आवे संतोषधन, सब धन धूल समान ॥**

# શ્રી પરમેષ્ઠિ સ્તોત્ર

અંતર્ગત

## અરિહંત સ્તોત્ર

(૧૦)

( અનુસંધાન પૃષ્ઠ ૩૩૫ થી શરૂ )

આમ ઉદાસીનત્વ આદિ ગુણ પ્રગટ્યા તેનું આધ્યાત્મિક મૂળ કારણ કહે છેઃ—

ચામર છંદ

પારકું બધું ત્યજી દીધું સ્વનું ગ્રહી લીધું,
દીર્ઘ પૌદ્ગલિક ઋણ ચૂકતે કરી દીધું;
પ્રાપ્ત જે પરમેશ્વરા સ્વ સદ્ધરા મહર્દ્ધિને,
વિશ્વની વિશિષ્ટ શ્રેષ્ઠ વંદું એ વિભૂતિને. ૪૨

**શબ્દાર્થ:**—જેણે પારકું બધું ત્યજી દીધું અને પોતાનું બધું ગ્રહી લીધું છે, તેમજ જે પોતાની સદ્ધર મહાઋદ્ધિને પામેલા પરમેશ્વર છે, એવા તે વિશ્વની વિશિષ્ટ શ્રેષ્ઠ વિભૂતિરૂપ અરિહંત ભગવંતને હું વંદું છું.

**વિવેચન:**—ભગવંત જિનદેવે સમસ્ત પરવસ્તુનો, પરગુણનો, પરભાવનો સર્વથા ત્યાગ કર્યો છે, શુદ્ધ આત્માથી અતિરિક્ત એવા સર્વ અન્ય ભાવનો-વિભાવનો પરિહાર કર્યો છે, અને પોતાનું જે કેવલ શુદ્ધ આત્મસ્વરૂપ તેનું ગ્રહણ કર્યું છે. આમ દીર્ઘકાળનું-અનાદિકાળનું જે પુદ્ગલ કર્મ સંબંધી ઋણ-દેવું હતું તે તેમણે ચૂકવી આપ્યું છે, અને પોતાનું સદ્ધર પરમેશ્વરપણું સંસ્થાપિત કર્યું છે. આ લોકમાં પણ જેમ કોઇ પોતાનું દેવું ચૂકવી આપી પોતાની સમૃદ્ધિ જમાવે, તે સદ્ધર આસામી-ઐશ્વર્યવંત ગણાય છે; તેમ પ્રભુ પણ પોતાનું કર્મ-ઋણ ફેડીને, પોતાની જ્ઞાનાદિ અનંત ગુણસંપત્તિને પ્રાપ્ત થયા છે, એટલે એમનું સદ્ધર પરમેશ્વરપણું કહેવું સર્વથા યુક્ત છે.

"જેના ધર્મ અનંતા પ્રગટ્યા, જે નિજ પરિણતિ વરિયો;
પરમાતમ જિનદેવ અમોહી, જ્ઞાનાદિક ગુણ દરિયો."
"એવો ઈશ્વર દેવ, જિણે ઈશ્વરતા હો નિજ અદ્ભુત વરી,
તિરોભાવની શક્તિ, આવિર્ભાવે હો સહુ પ્રગટ કરી."
"તું તો નિજ સંપતિ ભોગી, હું તો પરપરિણતિનો યોગી."
"જિણે પૂરણ તત્ત્વ નિપાયા, દ્રવ્યાસ્તિક નય ઠહરાયા;
પર્યાયાસ્તિક નયસયા, તે મૂલ સ્વભાવ સમાયા રે."

—મુનિવર્ય શ્રી દેવચંદ્રજી

"જિન સોહી હૈ આતમા, અન્ય હોઇ સો કર્મ."
"જિન છે આત્મસ્વરૂપ."
"પામ્યા શુદ્ધ સ્વભાવને, છે જિન તેથી પૂજ્ય."
—શ્રીમદ્ રાજચંદ્રજી

"ચાર કર્મ ઘનઘાતીનો વ્યવચ્છેદ જ્યાં,
ભવના બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વભાવ જ્ઞાતા દૃષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો.
અપૂર્વ અવસર એવો કયારે આવશે?"
—શ્રીમદ્ રાજચંદ્રજી

"પૂરણ રસીઓ હો નિજ ગુણ પરસનો, આનંદઘન મુજમાંહિ."
—શ્રી. આનંદઘનજી

આમ જેણે અનાદિકાળની અનંત કર્મજાલને પરમ આત્મપરાક્રમથી-આત્મવીરત્વથી લીલામાત્રમાં ફગાવી દઈ, સમસ્ત પરભાવના બંધનમાંથી આત્મદ્રવ્યને વિમુક્ત કરી, પોતાની જ્ઞાનાદિ ગુણસંપત્તિ પ્રગટાવી છે, અનંત આત્મઋદ્ધિ વ્યક્ત કરી પરમેશ્વરપણું પ્રસિદ્ધ કર્યું છે, એવા તે વિશ્વની વિશિષ્ટ શ્રેષ્ઠ વિભૂતિસ્વરૂપ શ્રી અરિહંતને હું વંદું છું.

આ જ ભાવની પુષ્ટિરૂપે ભગવંતની સ્વસ્થતા કહે છેઃ—

અન્ય દ્રવ્યમાં પ્રવૃત્તિ સર્વથા વિછોડીને,
આત્મદ્રવ્યમાં જ તેહ સર્વકાળ જોડીને;
સ્વસ્થ જે પરાત્મ પામિયા પરા નિવૃત્તિને,
વિશ્વની વિશિષ્ટ શ્રેષ્ઠ વંદું એ વિભૂતિને. ૪૩

**શબ્દાર્થઃ**—પરદ્રવ્ય પ્રત્યેની પ્રવૃત્તિ સર્વથા છોડી દઇને, અને તે પ્રવૃત્તિને આત્મદ્રવ્યમાં જ સદાય જોડીને, સ્વસ્થ એવા જે પરમાત્મા પરમ નિવૃત્તિને પામ્યા છે,—એવા તે વિશ્વની વિશિષ્ટ શ્રેષ્ઠ વિભૂતિસ્વરૂપ જિનદેવને હું વંદું છું.

**વિવેચન**—અનાદિકાળથી આ જીવને પરપરિણતિનો રંગ લાગેલો હતો, પરદ્રવ્યના સંસર્ગનિમિત્તથી તે પરભાવે પરિણમી પરભાવનો કર્તા-ભોક્તા બની, પુદ્ગલભોગમાં રાચતો રહી, ચતુર્ગતિમય સંસારમાં સંસરતો-રઝળતો પોતે પોતાને જ દંડ-સજા દેતો હતો.

"પરપરિણામિકતા દશા રે, લહિ પર કારણયોગ;
ચેતનતા પરગત થઇ રે, રાચી પુદ્ગલ ભોગ."
"અશુદ્ધ નિમિત્તે એ સંસરતા, અત્તા કત્તા પરનો."
—શ્રીમાન્ દેવચંદ્રજી

પ્રભુનો આત્મા પણ પૂર્વે આ જ પ્રકારે પરભાવસંસર્ગના અશુદ્ધ નિમિત્તથી સંસરતો હતો; પણ અનાદિના વિસ્મૃત થયેલા આત્મસ્વરૂપનું જેવું તેમને ભાન થયું, દેહાદિથી

ભિન્ન ચૈતન્યમય આત્માને જાણ્યો–વેદ્યો–અનુભવ્યો, કે તરત જ તેમની પરભાવ પ્રત્યેની પ્રવૃત્તિ ઓસરી ગઇ–વિરામ પામી ગઇ, અને તે સ્વભાવ ભણી વળી. આમ આત્મકાર્યની સિદ્ધિ પ્રત્યે વીર્યસ્ફુરણા થતાં, જે બાધકકારક હતા તે બધા ય સાધકમાં પલટાઈ ગયા. એટલે પૂર્વે જે આત્મા અશુદ્ધ એવા પરનિમિત્તથી પરભાવનો કર્ત્તા–ભોક્તા તથા સંસર્તા થતો હતો, તે જ હવે શુદ્ધ ભાવના નિમિત્તથી ઘરનો કર્ત્તા–ભોક્તા તથા ભાવયુક્ત થયો, 'આત્મગત આત્મા રમતાં નિજ ઘર મંગલ થયું,' 'રામ ધામ આવીને વસ્યા,' શુદ્ધ ચેતનાના સ્વામી–' પિયુ નિજ ઘર પધાર્યા.'

" દીઠો સુવિધિ જિણંદ, સમાધિરસે ભર્યો હો લાલ;
ભાસ્યો આત્મસ્વરૂપ, અનાદિનો વિસર્યો હો લાલ."
" કાર્યરુચિ કર્ત્તા થયે રે, કારક સવિ પલટાય–રે દયાલરાય !
આતમગતે આતમ રમે રે, નિજ ઘર મંગલ થાય–રે દયાલરાય."
" શુદ્ધ નિમિત્ત રમે જબ ચિદ્ઘન, કર્ત્તા ભોક્તા ઘરનો."

—શ્રીમાન્ દેવચંદ્રજી

" અથવા નિજ પરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્ત્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ."

—શ્રીમદ્ શ્રી રાજચંદ્રજીપ્રણીત આત્મસિદ્ધિ

આમ આત્મસ્વભાવની આત્યંતિક સ્થિરતા થઇ, એટલે પ્રભુ ' **સ્વસ્થ** '–સ્વસ્વરૂપમાં સ્થિતિ કરનારા થયા; પરભાવની જે આકુલતા હતી તે મટી ગઇ ને નિરાકુલતા પ્રાપ્ત થઇ. આ નિરાકુલ સ્વસ્થતા જ વાસ્તવિક–પારમાર્થિક સુખનું લક્ષણ છે, તેથી તે પરમાત્મા પરમ સુખરૂપ આત્માનંદમય નિર્વૃતિ પામ્યા. દેહ છતાં નિર્વાણસુખને પામ્યા, એમ જે અત્રે કહ્યું છે તે યુક્ત છે. કારણ કે—

" સઘળું પરવશ તે દુઃખલક્ષણ, નિજ વશ તે સુખ લહિયે."
" આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિ સમ બોધ વખાણુંજી."
" સર્વ શત્રુ ક્ષય, સર્વ વ્યાધિ લય, પૂરણ સર્વ સમીહાજી;
સર્વ અર્થ યોગે સુખ તેહથી, અનંત ગુણ નિરીહાજી."

—શ્રી યશોવિજયજીકૃત યોગદૃષ્ટિ સજ્ઝાય

" સર્વ કાળનું છે ત્યાં જ્ઞાન, દેહ છતાં ત્યાં છે નિર્વાણ;
ભવ છેવટની છે એ દશા, રામ ધામ આવીને વસ્યા."

—મહાતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી

આમ સ્વભાવમાં પ્રવૃત્ત, સ્વસ્થ, પરમ નિર્વૃત્ત પરમાત્મપદને જે પામ્યા છે, એવા તે વિશ્વની વિશિષ્ટ શ્રેષ્ઠ વિભૂતિસ્વરૂપ શ્રી જિનદેવને હું વંદું છું. ( અપૂર્ણ )

ડૉ૦ ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા
M. B. B. S.

# પુસ્તકોની પહોંચ

**૧. પ્રસ્તાવિક દુહાસંગ્રહ**—સંગ્રાહક શ્રીમાન્ મુનિરાજ શ્રી ગુલાબવિજયજીના શિષ્ય મુનિ મણિવિજયજી મહારાજ. દુહા ૪૫૯ નો સંગ્રહ ઘણો ઉપયોગી કર્યો છે. વાંચતા ને વિચારતા ઘણી હિતશિક્ષા મળે તેમ છે. પ્રયાસ સ્તુત્ય છે. કિંમત રાખી નથી. પ્રતાકારે છે. પ્રકાશક–શ્રી બોરૂગામ–શ્રી જૈન સંઘ.

**૨. સમ્યક્ત્વશુદ્ધિવિષયે શ્રી આરામનંદન કથા**—સંસ્કૃત પદ્યબંધ. શ્લોક ૪૦૪ ખાસ વ્યાખ્યાનમાં વાંચવા લાયક છે. સંગ્રાહક મુનિરાજ શ્રી કનકવિજયજીના શિષ્ય મુનિ ગૌતમવિજયજી. પ્રકાશક શ્રી બોરૂ ગ્રામસ્થ જૈનસંઘ. કિંમત રાખી નથી. પ્રતાકારે છે. પ્રકાશક–શ્રી બોરૂગામ–જૈન સંઘ.

**૩. શ્રી રયણચુડરાયચરિયમ્**—સંશોધક–આચાર્ય શ્રી વિજયકુમુદસૂરિ. પ્રકાશક–શ્રી ખંભાત તપગચ્છ જૈનસંઘ તથા શેઠ મૂળચંદ બુલાખીદાસ. આચાર્યદેવશ્રી નેમિચંદ્ર-વિરચિત પ્રાચીન તાડપત્રીય માગધી ગાથાબંધ–ગ્રંથાગ્ર ૩૦૮૧. પ્રતાકારે પાના ૬૭. પ્રયાસ અત્યંત સ્તુત્ય છે. આવા અપૂર્વ તાડપત્રીય ગ્રંથોનું પ્રકાશન આ રીતે શુદ્ધ કરીને થવાની જરૂર છે. પરોપકારી મુનિરાજશ્રી નિત્યવિજયજીના શિષ્ય પં. વિનયવિજયજીના શિષ્ય પં. મણિવિજયજીનો ફોટો આપેલ છે. શ્રી લીંચ (તાબે મેસાણા) પં. મણિવિજયજી ગ્રંથમાળાના સંરક્ષક પાસેથી મળી શકશે.

**૪. શ્રી ઉપમિતિસારસમુચ્ચય**—સંશોધક આચાર્યશ્રી વિજયકુમુદસૂરિ. પ્રકાશક મોહનલાલ દીપચંદ ચોકસી તથા શાહ છોટાલાલ પોપટલાલ ખંભાત. આચાર્યદેવ શ્રી વર્ધમાનસૂરિજી ઉદ્ધૃત પ્રાચીન તાડપત્રીય ગ્રંથ. સંસ્કૃતગદ્યબંધ ગ્રંથાગ્ર ૧૫૨૬. કિંમત રાખી નથી. મળવાનું ઠેકાણું ઉપર પ્રમાણે.

**૫. મહોપાધ્યાય શ્રી ભાનુચંદ્રગણિચરિતમ્**—શ્રી સિદ્ધિચંદ્રગણિવિરચિત સંસ્કૃત પદ્યબંધ. ચાર પ્રકાશના મળીને શ્લોક ૭૪૯. પ્રકાશક–વાપી જૈન યુવકમંડળ ખાસ વાંચવા લાયક છે. પ્રકાશક પાસેથી ભેટ મળશે.

**૬. સૂર્યસહસ્રનામસ્તોત્ર**—શ્રી ભાનુચંદ્રગણિવિરચિત. પૃષ્ઠ ૮. પ્રકાશક વિગેરે ઉપર પ્રમાણે.

**૭. શ્રીઅનંતનાથચરિત્રાદુદ્ધૃતમ્ પૂજાષ્ટકમ્**—સંપાદક–આચાર્ય શ્રી વિજયક્ષમા-ભદ્રસૂરિ. પ્રકાશક–શા રાયચંદ ગુલાબચંદ શ્રી અચ્છારી, પોસ્ટ ભીલાડ (ગુજરાત). સંસ્કૃત પદ્યબદ્ધ. ગ્રંથાગ ૧૮૭૦. ખાસ વ્યાખ્યાનમાં વાંચવા લાયક છે.

**૮. શ્રી વીતરાગસ્તોત્ર**—કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યવિરચિત. શ્રી પ્રભાનંદસૂરિ-કૃત વિવરણ અને શ્રી સોમદેવગણિકૃત ચૂર્ણિયુક્ત. સંપાદક–આ. શ્રી. વિજયરામચંદ્રસૂરિના શિષ્ય મુનિ કાંતિવિજયજી. પ્રકાશક–શ્રી કેસરબાઇ જ્ઞાનમંદિરના સંસ્થાપક સંઘવી નગીનદાસ

કરમચંદ. કીં રૂા. ૧ાા હાલમાં ઠરાવેલ છે. સંપાદકનો પ્રયાસ પ્રશંસાપાત્ર છે. સાદ્યંત લક્ષપૂર્વક વાંચવા યોગ્ય છે.

**૯. શ્રી ભગવતી સૂત્રની ગહુંલી સંગ્રહ**—પ્રકાશક-ફુલચંદ શામજી કોરડીયા-મુંબઇ. રચયિતા-પં. શ્રી ઉદયવિજયજી. કિંમત રાખી નથી.

**૧૦. શ્રી જૈનનિત્યપાઠસંગ્રહ અને જિનપૂજનવિધિ**—સંપાદક-સારાભાઇ મણિલાલ નવાબ. પ્રકાશક-શ્રી મેઘરાજ પુસ્તક ભંડાર. મૂલ્ય બાર આના. અનેક સ્તોત્રો તથા છંદો વિગેરેનો ઘણો ઉપયોગી સંગ્રહ કરેલો છે. બત્રીશ પેજી પૃષ્ઠ ૩૩૪. પઠનપાઠન કરવા લાયક છે.

**૧૧. શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહ. ભાગ ૬ ઠ્ઠો**—પ્રકાશક-કર્પૂરવિજયજી સ્મારક સમિતિ-મુંબઇ. કિંમત અગિયાર આના. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત જ્ઞાનસાર અષ્ટક ૩૨ નો સ્વોપજ્ઞ ભાવાર્થ, અનુવાદ, તેમજ વિવેચનયુક્ત. શ્રી જૈનધર્મપ્રકાશમાં જુદે જુદે વખતે પ્રગટ થયેલા અષ્ટકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. ફાઉન સોલપેજી પૃષ્ઠ ૫૩૨ માં અત્યંત ઉપયોગી ને આત્મહિતકારક છે. જરૂર મંગાવો ને વાંચો.

**૧૨. શ્રી શારદા-લક્ષ્મી જૈનપૂજન વિધિ**—પ્રકાશક-શ્રી વર્ધમાન જૈન જ્ઞાનમંદિર-ઉદેપુર. કિંમત અડધો આનો. જરૂર મંગાવો ને તેમાં લખ્યા મુજબ વિધિનું આચરણ કરો.

**૧૩. મુક્તિના મંદિરમાં**—લેખક મહીપતરાય જાદવજી શાહ. પ્રકાશક-યોગેશ (ભક્તિ મંડળ). કીંમત આઠ આના. દેશહિતેચ્છુએ વાંચવા લાયક છે.

**૧૪. જીવનવાટ**—લેખક મહીપતરાય જાદવજી શાહ. પ્રકાશક-કીરીટકુમાર ( પ્રગતિ કાર્યાલય ). કિંમત બાર આના. પાંચ નવલિકાનો સંગ્રહ છે. વાંચતા આનંદ આવે તેમ છે.

**૧૫. શ્રી પંચજ્ઞાનપૂજા**—આ. શ્રી વિજયપદ્મસૂરિકૃત. પ્રકાશક-શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા-અમદાવાદ. કિંમત રાખી નથી. કૃતિ નવીન છતાં ખાસ ભણાવવા જેવી છે.

**૧૬. સંતસમાગમ**—લેખક-ગોપાળજી ઓધવજી ઠક્કર. પ્રકાશક-સ્વ. શેઠ મંગળદાસ જેશંગભાઇના કુટુંબી જનો. કિંમત રાખી નથી. ખાસ વાંચવા લાયક છે અને સદુપદેશથી ભરપૂર છે.

**૧૭. શ્રી સપ્તસ્મરણસ્તવ-પૂર્વાચાર્યવિરચિત**—શ્રી સમયસુંદરજીકૃત ટીકા સહિત. પ્રકાશક-શ્રી જિનદત્તસૂરિજ્ઞાનભંડાર-સુરત, ઠે. ગોપીપુરા. ટીકા ઘણી સરલ અને સુંદર બનાવી છે. આ સાત સ્મરણો પૈકી શ્રી ઉવસગ્ગહરં, નમિઊણ અને અજિતશાંતિ સ્તવ. તપગચ્છમાં ગણવામાં આવતા સાત સ્મરણમાં છે તે જ છે. ઉપરાંત લઘુ અજિતશાંતિસ્તવ ગાથા ૧૭, ૨ તં જયઉ જયે તીથ્થં ગાથા ૨૬, ૩ ભયરહિયં ગાથા ૨૧, ૪ શ્રી સ્થંભન પાર્શ્વનાથ સ્તોત્ર ( સિદ્ધભય હરઉ નામનું ) ગાથા ૧૪. ઉપાધ્યાય શ્રી સુખસાગરજીના ઉપદેશથી શ્રી ફલોધી વિગેરે શહેરના શ્રાવકોની સહાયથી પ્રગટ થયેલ છે.

**૧૮. શ્રી યશોવિજય જૈન ગુરુકુળ રજતમહોત્સવ અંક**—પ્રકાશક શ્રી યશોવિજયજી જૈન ગુરુકુલના કાર્યવાહકો. આ અંક ઘણો સુંદર બનાવ્યો છે. તેના પહેલા

વિભાગમાં કેટલાક લેખો છે અને બીજા વિભાગમાં ગુરુકુલનો ઇતિહાસ આપેલો છે. ફોટા ઘણા આપેલા છે. પ્રયાસ સ્તુત્ય છે. અંકને રોચક ને રમ્ય બનાવ્યો છે.

૧૯. **વનસ્પત્યાહાર**—પ્રકાશક-જીવનરામ મકનજી ભટ્ટ વિગેરે. પ્રયાસ ઘણો સારો કરેલ છે. અહિંસાના ઉપાસકોને ખાસ વાંચવા લાયક છે.

૨૦ **રમા**—શરદ્બાબુકૃત, અનુવાદક માણેકલાલ ગો. જોશી. પ્રકાશક-ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ-અમદાવાદ. ઠ: શંભુલાલ જગશી. કીં. રૂા. ૨) બુક ખાસ વાંચવા લાયક છે.

૨૧. **શ્રીકૃષ્ણ**—( જૈનકથાગત ) તથા **ગીતાના પ્રારંભ ઉપર એક સમીક્ષમાણ દૃષ્ટિ.** લેખક-ન્યાયવિશારદ ન્યાયતીર્થ મુનિ શ્રી ન્યાયવિજયજી. પ્રકાશક-જૈન પુસ્તકાલય-જામખંભાલીયા. પૃષ્ઠ ૧૬ ની આ બુકમાં લેખકે બુદ્ધિવ્યાપાર સારો કર્યો છે.

૨૨. **શ્રાવક કર્તવ્ય**—પ્રયોજક મુનિરાજશ્રી નિરંજનવિજયજી. બત્રીશ પેજી પૃષ્ઠ ૨૦૮. શાસ્ત્રીટાઇપ, હિંદી ભાષા. શ્રાવકોને માટે બહુ ઉપયોગી છે. કર્તાનો પ્રયાસ સ્તુત્ય છે. પ્રકાશક-શ્રીનેમિઅમૃતખાંતિનિરંજનગ્રંથમાળા. કિંમત છ આના. પ્રાપ્તિસ્થાન-શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા, પાંજરાપોળ-અમદાવાદ.

૨૩. **શ્રી સ્વાધ્યાયપુષ્પમાળા**—પ્રકાશક-શ્રી વિજયદાનસૂરિ જૈનજ્ઞાનમંદિર-સાવર કુંડલા. સંપાદક-મુનિરાજશ્રી કનકવિજયજી. આ બુકમાં શ્રી યોગશાસ્ત્ર, શ્રી જ્ઞાનસાર અને શ્રી હરિભદ્રસૂરિકૃત અષ્ટક પ્રકરણ-આ ત્રણ મૂળ ગ્રંથોનો સંગ્રહ કર્યો છે. પ્રાપ્તિસ્થાન-જયંતિલાલ બેચરદાસ દોશી, સાવર કુંડલા.

૨૪. **શ્રી તીર્થોદ્ધારક આચાર્યશ્રી વિજયનીતિસૂરીશ્વરજીની જીવનપ્રભા**—પ્રયોજક-ફુલચંદ હરિચંદ દોશી, મહુવાકર. પ્રકાશક-શ્રી નીતિવિજય સેવાસમાજ, શામળાની પોળ-અમદાવાદ. જુદા જુદા ૨૮ પ્રકરણો પાડીને લેખકે ચરિત્રનું ગુંથન બહુ જ સારી રીતે કરેલું છે. બુક વાંચવા લાયક છે. એમાંથી અનેક હિતશિક્ષાઓ મળી શકે તેમ છે. પ્રાંતે પરિશિષ્ટમાં તેમના શિષ્યો-પ્રશિષ્યોની નામાવળી વિગેરે આપી છે તેમજ કેટલાક ફોટા પણ આપેલા છે.

૨૫. **શ્રી ભાવનગરના જરથોસ્તિયોનો સંક્ષિપ્ત ઇતિહાસ**—લેખક-ફરામજી મનચેરજી ગજદર. શહેર ભાવનગરના પારસી અંજુમન તરફથી છપાયેલ ગોલ્ડન જ્યુબિલી વૉલ્યુમ. સદરહુ પુસ્તકમાં શહેર ભાવનગરમાં ધંધાર્થે અને નોકરી અર્થે આવેલ પારસી ગૃહસ્થો અને પારસી કુટુંબોની છેલ્લા પચાસ વર્ષની તવારીખ આપવામાં આવેલ છે. ભાવનગર રાજ્યના મહારાજાઓ અને દીવાનોના ફોટાઓ સાથે અગ્રગણ્ય પારસી ગૃહસ્થોના સુંદર ફોટાઓ મૂકવામાં આવેલ છે. એક નાનકડી પણ સંપીલી અને પોતાના ધર્મ પ્રત્યે માન ધરાવતી કોમ કોઇ પણ સ્થળે કેટલો પ્રભાવ પાડી શકે છે તેનો આ પુસ્તકમાં જવલંત દાખલો છે. જૈન જેવી જુદા જુદા દૂર દૂરના દેશોમાં રહેતી કોમે આવા એકસંપીના દાખલાનું અનુકરણ કરવા જેવું છે. કુંવરજી

# સમયની અગત્યતા

**चलाचले च संसारे धर्म एको हि निश्चलः ।**

સંસારને વિષે બધી વસ્તુએ ચલાયમાન છે પણ ધર્મ એક જ નિશ્ચલ છે. આ કિંમતી બોધની ઉપર ઘણા જ થોડા મનુષ્યો વિચાર કરે છે, સમય થોડો છે–કાર્ય કરવાનું ઘણું છે. કાળ પોતાનું કાર્ય કર્યે જાય છે. તમે તેનો સદુપયોગ કરો છો કે કાળને નિરર્થક એશઆરામમાં, મોજમજામાં, પારકી નિંદા કરવામાં ગુમાવો છો તે કાળ જોતો નથી, પણ તમારું ભવિષ્ય તે કાળ ઉપર રહેલું છે. આવેલી તક ફરીથી મળતી નથી. જગતના મનુષ્યોનું કલ્યાણ કરવા ઇચ્છનાર પુરુષે એક ક્ષણ પણ આળસમાં ગુમાવવો ન જોઇએ. મનુષ્યને જો કીર્તિ મેળવવી હોય તો સત્કાર્ય કરવામાં મચ્યા રહેવાની જરૂર છે. આયુષ્ય ઘણું ટૂંકું છે. આવતી કાલને કોઇને વિશ્વાસ નથી. કહ્યું છે કે–'કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ; અબ કા ચુકા કબ્બ કરેગા, પ્રાણ જાયગા તબ્બ.' ઘડી પછી શું બનશે તે કોઇ કહી શકતું નથી. કાગને ઊડાડવા માટે રત્ન ફેંકવામાં આવે તેવી રીતે આ મનુષ્યજન્મરૂપી રત્ન નિરર્થક પ્રમાદમાં અને ભોગવિલાસમાં ગુમાવવામાં આવે છે. અફસોસ ! આ મનુષ્ય-જન્મનું સાર્થક શેમાં રહ્યું છે તેની કેટલા થોડા મનુષ્યને ખબર છે? હીરા, માણેક, મોતી કરતાં પણ આ અમૂલ્ય સમય નિરર્થક ગુમાવવો તેના કરતા વધારે શોકજનક શું હોઇ શકે?

આળસ એ જ મનુષ્યોના શરીરમાં રહેલો મોટો શત્રુ છે. કેટલાક માણસો એવા હોય છે કે પોતાના બાપદાદાની મિલકત ઉપર બેઠા રહે છે અને કેટલાક પોતાની કરેલ કમાણી ઉપર આળસથી બેઠા રહે છે, પણ તે દ્રવ્ય ક્યાં સુધી ચાલવાનું છે? તેનો વિચાર કરતા નથી અને સંસારીને માટે પૈસા કેવી કિંમતી વસ્તુ છે તેનો વિચાર કરતા નથી. તેવી જ રીતે ઘણાં માણસો જિંદગી પૂરી થતાં સુધી વખતની કિંમત કરતા નથી. એવા માણસો વખતને નકામો વહી જવા દે છે, અને જ્યારે જિંદગીરૂપી દીવામાંથી તેલ ખૂટી જવા આવે છે ત્યારે તેમને સુજી આવે છે કે–અરેરે ! મેં મારી જિંદગીનું કાંઇ સાર્થક કર્યું નહિ. પણ "પાકે ઘડે કાંઠા ચડે નહિ" તેમ આયુષ્યનો મોટો ભાગ આળસ અને પ્રમાદમાં ગાળ્યા પછી એવી કુટેવોને નિર્મૂળ કરવાનું કદી કોઇ ધારે, તો તે બનતું નથી અને જે બેડીએ તેમને પોતાના અંગ ઉપર પોતાની રાજીખુશીથી જડી દીધી હોય છે તેથી આખર અવસ્થાએ તેનાથી છૂટી શકાતું નથી. જો ધન ગયું હોય તો ઉદ્યોગવડે પાછું મેળવાય, જ્ઞાન ગુમ થયું હોય તો અભ્યાસવડે તાજું કરાય, તંદુરસ્તી બગડી હોય તો ફરી પાળવાથી અને દવા કરવાથી કદાચ પાછી ઠેકાણે લાવી શકાય, પણ ગયો સમય તે તો ગયો જ; તે કોટી કલ્પે પાછો લાવી શકાતો નથી; વખત કેટલો કિંમતી છે તેનો જો તમે બરાબર વિચાર કરશો તો તમને સમયપાલક થવાનું મન થશે અને નિર્ણીત કરેલું કામ નિમેલે વખતે કરવાની ટેવ પડશે. જે મનુષ્ય મરણપથારીએ પડ્યો પડ્યો નિશ્ચિંત-તાથી અને આનંદ સાથે કહી શકે કે તેના દિવસો પરોપકારાર્થે પસાર થાય છે–તેનો સમય આળસમાં નહિ પણ જનસેવામાં તેમજ ધર્મકાર્યમાં પસાર થાય છે અને પોતે જન્મ્યો ત્યારે દુનિયા જે સ્થિતિમાં હતી તે કરતા, પોતાના જીવનથી દુનિયાને કોઇપણ રીતે

વધારે સારી સ્થિતિમાં મૂકી શકયો છે. તે જ મનુષ્યનું જીવન સાર્થક છે અને તેણે જ પોતાના સમયનો સદુપયોગ કર્યો છે એમ કહી શકાય.

હે આત્મન્ ! ઊઠ, જાગ્રત થા, સૂતા સૂતા અનંત કાળચક્રો ચાલ્યા ગયા, છતાં ચોરાશીના ચક્રનું પરિભ્રમણ તેવું ને તેવું જ રહ્યું છે. જિન્દગી બહુ જોખમમાં છે, પડછાયાના મિષથી કાળ-મૃત્યુ દરેક પ્રાણીની પાછળ ફર્યા જ કરે છે. તે ક્યારે પકડશે? તેની કોઇને અગાઉથી સૂઝ પડતી નથી; વળી તેનાથી બચી જવાનો ઉપાય પણ નથી તો પ્રમાદ શા માટે કરે છે ? ઘડી બે ઘડી રહેવાનું છે, તેમાં લક્ષ્મી કે લલનાદિની મસ્તાનીમાં મસ્ત શા માટે થાય છે? જે પોતે મુસાફર જ છે અને મુસાફરી કરવા નિકળેલ છે; તે એક ઠેકાણે સ્થાયીભાવની શાંતિ કયાંથી પામી શકે? માટે આત્મન્ ! તૈયાર થા, ભવિષ્યનું ભાતું જેટલું બંધાય તેટલું બાંધી લે. આગળ જતાં તને કોઇ પણ ભાત-પાણી દેવા આવે તેમ નથી. જો તું ખાલી હાથે જઇશ તો તને મહાવિટંબણા ભોગવવી પડશે. છાણના કીડાની જેમ તારો કોઇ ભાવ પણ પૂછશે નહિ. પ્રિય વણિક ! લક્ષ્મી મેળવવા જતાં અન્યાયથી અલગ રહેજે. તારી ખોટી ખુમારીમાં ને ખુમારીમાં ગરીબોનાં ગળાં ન દબાઇ જાય તેની સાવચેતી રાખજે. તારા પુણ્યની પ્રબળતાથી ભલે લક્ષ્મીની તીજોરી તર થાય પણ સાથે પાપનો ભંડાર પણ ભરાઇ જાય તેવું ન કરજે. ભલે લક્ષ્મી જડ કે ચપલ હોય પણ તેનો સન્માર્ગે વ્યય કરી એકની અનંતગુણી કરવા ચૂકીશ નહિ. નહીં તો તેમાંની એક ખોટી બદામ પણ પરભવમાં તારા ઉપયોગમાં આવે એમ ધારીશ નહીં. લક્ષ્મીના લોભીઆઓની માખીઓની જેમ ગતિ થાય છે—" માખીઓએ મધ કીધું, ન ખાધું ન દાન દીધું, લૂટારાએ લુંટી લીધું રે...પામર પ્રાણી ! ' લક્ષ્મીના લાભ-ટોટાના સરવૈયા સાથે પુણ્ય-પાપનું પણ કોઇ વખત સરવૈયું કાઢી નફા-નુકશાનીનો વિચાર કરજે. વેપાર કરવા આવ્યો છે માટે વિચારપૂર્વક વેપાર કરી ઉચ્ચ સ્થિતિએ જઇ સુખી થજે પણ ખોટનો વેપાર કરી મૂળ મૂડી ગુમાવી ઊલટો દરિદ્ર થઇ દુઃખી થાય તેવો વ્યાપાર ન કરજે. કોઇને દુઃખી જોઇ તેનો અનાદર કરીશ નહિ પણ તેના પર સ્નેહ નજર રાખજે. સુખી અને દુઃખી સૌ પોતપોતાના પુણ્ય અને પાપથી થાય છે. તારા પણ પુણ્ય ખૂટી જશે તો તેવી સ્થિતિ ભોગવવી પડશે માટે ગર્વની ગાંઠમાં ન બંધાજે. કહ્યું છે કે-પીપળા પરથી પાન ખરી પડે છે ત્યારે કુંપળીઓ હસે છે તે વખતે પડતા પાન કહે છે કે-અમારી જેવી તમારી પણ દશા થશે, એટલે મરણદશા દરેક જીવોને થવાની જ છે. હસતી એવી વડની નવી કુંપળીની પણ એવી જ દશા થવાની છે. મનુષ્ય જન્મ મળ્યો છે અને ઉત્તમ વીતરાગદેવનો ધર્મ મળ્યો છે, આવું ચિન્તામણિરત્ન મળ્યા છતાં ખોઇ દેવું તે તો ભિખારીના દૃષ્ટાંત જેવું સમજવું. તો ચિન્તામણિરત્ન હાથ ચડયું છે માટે પ્રમાદ મૂકી શુભેચ્છા સફળ કરો. ગઇ લક્ષ્મી પાછી મળે છે પણ ગયો અવસર પાછો મળવો મુશ્કેલ છે. જો તમારી પાસે લક્ષ્મીનું બળ હોય તો તે સુમાર્ગે વાપરી સફળ કરો અથવા વિદ્યાબળ કે તનબળ હોય તો તેને શુભ કાર્યમાં જોડી સતેજ અને સફળ કરો.

મુનિ વિદ્યાનંદવિજયજી

# શ્રી જૈનધર્મ પ્રકાશ

## પુસ્તક ૫૮ મું.

(સંવત ૧૯૯૮ ના ચૈત્રથી ૧૯૯૯ ના ફાગણ માસ સુધીની)

## વાર્ષિક અનુક્રમણિકા

### પદ્યવિભાગ


| | | | |
|---|---|---|---|
| ૧ | આત્મહિત પદ | (મુનિશ્રી વિદ્યાનંદવિજયજી) | ૧ |
| ૨ | પેટકી વેઠ | (રાજમલ ભંડારી) | ૨ |
| ૩ | ઉપદેશક પદ | (ઉપા. યશોવિજયજી) | ૨ |
| ૪ | છઠ્ઠી અશુચિ ભાવના | (સ્વ. સ. ક. વિ.) | ૩ |
| ૫ | દિવ્ય પ્રભાત | (કોઠારી ચીમનલાલ જીવરાજ) | ૧૫ |
| ૬ | હિતકારક દુહા | (સં. સ્વ. સ. ક. વિ.) | ૨૯ |
| ૭ | શ્રી શ્રુતદેવતા સ્તુતિ–સંસ્કૃત | (મુનિ શ્રી વિદ્યાનંદવિજયજી) | ૩૩ |
| ૮ | શ્રી અનુભવ પચ્ચીશી–દુહા | (સ્વ. સ. ક. વિ.) | ૩૪ |
| ૯ | ઉપદેશક દુહા | ( ,, ,, ) | ૩૫ |
| ૧૦ | જૈનધર્મપ્રકાશ ચિરાયુ હો | (રાજમલ ભંડારી) | ૪૬ |
| ૧૧ | શ્રી વીતરાગાષ્ટક–સંસ્કૃત | (મુનિ શ્રી વિદ્યાનંદવિજયજી) | ૬૯ |
| ૧૨ | શ્રી વીરજિન વિનંતિ | (ઝવેરચંદ છગનલાલ શાહ) | ૭૦ |
| ૧૩ | કરુણાષ્ટક | (બાલચંદ હીરાચંદ કવિ) | ૭૧ |
| ૧૪ | ત્યાગવૃત્તિ | (દુર્લભજી ગુલાબચંદ શાહ) | ૭૨ |
| ૧૫ | શ્રી શાંતિનાથ સ્તુતિ | (રાજમલ ભંડારી) | ૧૦૧ |
| ૧૬ | કાળતાંડવ | (બાલચંદ હીરાચંદ કવિ) | ૧૦૨ |
| ૧૭ | બાર વ્રતના દુહા | (સુખલાલ રવજીભાઈ શાહ) | ૧૦૩ |
| ૧૮ | અજ્ઞાનીને બોધ ન થાય. પદ ૨ | (અમૃતલાલ માવજી શાહ) | ૧૦૬ |
| ૧૯ | પ્રભુ પ્રાર્થના | (અમીચંદ કરશનજી શેઠ) | ૧૩૨ |
| ૨૦ | શ્રી અજિતનાથ પ્રભુકી આરતિ | (રાજમલ ભંડારી) | ૧૩૩ |
| ૨૧ | આત્મશુદ્ધિ ભાવના | (આ. શ્રી વિજયપદ્મસૂરિ) | ૧૩૪ |
| ૨૨ | શાંતસુધારસકુંડની સજ્ઝાય | (સં. મુનિ પુણ્યવિજયજી) | ૧૩૫ |
| ૨૩ | શ્રી મહાવીરજિનસ્તુતિ | (રાયચંદ મૂલજી શાહ) | ૧૭૧ |
| ૨૪ | આત્મ-ભાવના પચ્ચીશી | (મુનિશ્રી ચરણવિજયજી) | ૧૭૨ |

| | | | |
|---|---|---|---|
| ૨૫ | શાંતસુધારસ કુંડની સજ્ઝાય-સાર્થ | ( અનુવાદક-કુંવરજી ) | ૧૭૫ |
| ૨૬ | પર્યુષણ પર્વ | ( સુખલાલ રવજીભાઇ શાહ ) | ૧૭૩ |
| ૨૭ | ક્ષમાપના | ( રાયચંદ મૂળજી શાહ ) | ૨૦૭ |
| ૨૮ | શ્રી મહાવીરજન્મ | ( બાલચંદ હીરાચંદ કવિ ) | ૨૦૮ |
| ૨૯ | આત્મા ને દેહાદિ પદાર્થની ભિન્નતા | ( મુનિ શ્રી પુણ્યવિજયજી ) | ૨૦૮ |
| ૩૦ | આત્મનિંદાગર્ભિત શ્રી સીમંધરજિનવિનતિ | ( ,, ) | ૨૦૯ |
| ૩૧ | જયવંત જિન શાસન | ( રાજમલ ભંડારી ) | ૨૧૧ |
| ૩૨ | સામાન્ય જિન સ્તવન | ( એન. બી. શાહ ) | ૨૪૩ |
| ૩૩ | પ્રભુપૂજન મહિમા | ( રાજમલ ભંડારી ) | ૨૪૪ |
| ૩૪ | મૈત્રી ભાવના | ( સ્વ. સ. ક. વિ ) | ૨૪૫ |
| ૩૫ | જગતની કુટિલ દૃષ્ટિ | ( બાલચંદ હીરાચંદ કવિ ) | ૨૪૬ |
| ૩૬ | શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ સ્તોત્ર-સંસ્કૃત | ( ,, ,, ) | ૨૭૯ |
| ૩૭ | શ્રી જિરાઉલા પાર્શ્વનાથ છંદ | ( મુનિશ્રી વિદ્યાનંદવિજયજી ) | ૨૮૦ |
| ૩૮ | સંવત્સરી પર્વકા માહાત્મ્ય | ( રાજમલ ભંડારી ) | ૩૧૩ |
| ૩૯ | શ્રી જંબૂકુમાર આખ્યાન | ( અમીચંદ કરશનજી શેઠ ) | ૩૧૪ |
| ૪૦ | શ્રી મહાવીર સ્તોત્ર-સંસ્કૃત | ( બાલચંદ હીરાચંદ કવિ ) | ૩૪૯ |
| ૪૧ | શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ સ્તવન | ( મુનિ વિદ્યાનંદવિજયજી ) | ૩૫૦ |
| ૪૨ | શ્રી સુલતાના પાર્શ્વનાથ જિન સ્તવન | ( શ્રી વિનયવિજયજી ) | ૩૮૧ |
| ૪૩ | વીશ વિહરમાન જિન સ્તોત્ર-સંસ્કૃત | (સં. આ. શ્રી વિજયલલિતસૂરિ) | ૩૮૨ |
| ૪૪ | ધર્મસે ધૈર્યકી પ્રાપ્તિ | ( રાજમલ ભંડારી ) | ૩૯૬ |


## ગદ્યવિભાગ


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | મહાન્ યોગી શ્રી આનંદઘનજીકૃત | પદ ૫૭ મું | વિવેચન સાથે | ( મૌક્તિક ) | ૭ |
| ૨ | ,, ,, | પદ ૫૭ મું | ( ચાલુ ) | ,, | ૪૧ |
| ૩ | ,, ,, | પદ ૫૮ મું | | ,, | ૭૮ |
| ૪ | ,, ,, | પદ ૫૮ મું | ( ચાલુ ) | ,, | ૧૦૭ |
| ૫ | ,, ,, | પદ ૫૯ મું | | ,, | ૧૩૭ |
| ૬ | ,, ,, | પદ ૫૯ મું | ( ચાલુ ) | ,, | ૧૮૭ |
| ૭ | ,, ,, | પદ ૬૦ મું | | ,, | ૨૧૨ |
| ૮ | ,, ,, | પદ ૬૦ મું | ( ચાલુ ) | ,, | ૨૪૭ |
| ૯ | ,, ,, | પદ ૬૧ મું | | ,, | ૩૧૭ |
| ૧૦ | શ્રી સિદ્ધચક્ર સ્તોત્રે | ઉપાધ્યાય સ્તોત્ર સ્પષ્ટાર્થ યુક્ત | | ( આ. શ્રી વિજયપદ્મસૂરિ ) | ૧૨ |
| ૧૧ | ,, | સાધુપદ તથા દર્શનપદ સ્તોત્ર | | | ૩૬ |
| ૧૨ | ,, | શ્રી જ્ઞાન, ચારિત્ર, તપપદ સ્તોત્ર | | | ૭૩ |
| ૧૩ | ,, | સ્પષ્ટાર્થ . | | | ૧૦૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | શ્રી શાંતિનાથના સ્તવનમાં કર્તાએ કરેલો પરમાત્મા સાથે પોતાનો મુકાબલો | (કુંવરજી) | ૧૬ |
| ૧૫ | વિદ્યાવ્યાસંગ | ,, | ૧૭ |
| ૧૬ | પ્રશ્નોત્તર | પ્રશ્નકાર-( ભાઈ દેવચંદ કરસનજી ) | ૧૮ |
| ૧૭ | ,, | ,, ( ભાઈ દેવચંદ કરસનજી ) | ૫૨ |
| ૧૮ | ,, | ,, ( શા. છગનલાલ દેવચંદ ) | ૫૪ |
| ૧૯ | ,, | ,, ( ભાઈ દેવચંદ કરસનજી ) | ૮૪ |
| ૨૦ | ,, | ,, ( મુનિ સુજ્ઞાનવિજયજી ) | ૧૯૭ |
| ૨૧ | ,, | ,, ( શા. વાડીલાલ રામજી ) | ૨૩૦ |
| ૨૨ | ,, | ,, ( શા. ઝવેરચંદ છગનલાલ ) | ૨૩૧ |
| ૨૩ | ,, | ,, ( મુનિ સુજ્ઞાનવિજયજી ) | ૨૭૦ |
| ૨૪ | ,, | ,, ( મુનિ વિબુધવિજયજી ) | ૩૦૨ |
| ૨૫ | ,, | ,, ( શા. મંગળદાસ કંકુચંદ ) | ૩૦૩ |
| ૨૬ | ,, | ,, ( શા. મંગળદાસ કંકુચંદ ) | ૩૩૬ |
| ૨૭ | ,, | ,, ( શા. પુંજાલાલ અમથાલાલ ) | ૩૭૦ |
| ૨૮ | ,, | ,, ( શા. મંગળદાસ કંકુચંદ ) | ૩૯૭ |
| ૨૯ | ,, | ,, ( શા. ઝવેરચંદ છગનલાલ ) | ૩૯૮ |
| ૩૦ | તાત્ત્વિક અને બોધક વચન સંગ્રહ | ( મુનિ પુણ્યવિજયજી ) | ૨૩-૧૧૯ |
| ૩૧ | પ્રભાવિક પુરુષો | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | |
| | આ. શ્રી શય્યંભવસૂરિ ( ૧ ) | | ૨૫ |
| ૩૨ | ,, ,, ( ૨ ) | ,, | ૬૩ |
| ૩૩ | ,, ,, ( ૩ ) | ,, | ૯૬ |
| ૩૪ | ,, ,, ( ૪ ) | ,, | ૧૨૫ |
| ૩૫ | ,, ,, ( ૫ ) | ,, | ૧૬૪ |
| ૩૬ | ,, ,, ( ૬ ) | ,, | ૨૩૨ |
| ૩૭ | ,, ,, ( ૭ ) | ,, | ૨૭૪ |
| ૩૮ | ,, આ. શ્રી યશોભદ્રસૂરિ ( ૧ ) | ,, | ૩૦૫ |
| ૩૯ | ,, ,, ( ૨ ) | ,, | ૩૪૨ |
| ૪૦ | ,, ,, ( ૩ ) | ,, | ૩૭૫ |
| ૪૧ | શ્રી જૈનધર્મપ્રકાશ | ( મૌક્તિક ) | ૩૦ |
| ૪૨ | પરમતસહિષ્ણુતા ને સમભાવવૃત્તિ | ( વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ ) | ૪૭ |
| ૪૩ | આધાશીશીના વ્યાધિને પ્રસંગે થયેલી વિચારણા | ( કુંવરજી ) | ૫૦ |
| ૪૪ | શ્રીવીરપ્રભુના આનંદાદિ દશ શ્રાવકોનું સમાનત્વ | ,, | ૫૧ |
| ૪૫ | સંઘસ્વરૂપકુલક-સાર્થ | ( મુનિ પુણ્યવિજયજી ) | ૫૭ |
| ૪૬ | વીરવિલાસ ( ૪ ) | ( મૌક્તિક ) | ૫૯ |
| ૪૭ | ,, ( ૫ ) | ,, | ૧૫૮ |

૪૮ વીરવિલાસ ( ૬–૭ ) ( મૌક્તિક ) ૩૬૨
૪૯ „ ( ૮ ) „ ૩૯૦
૫૦ હિતકારી વચનો ( મુનિ વિજ્ઞાનંદવિજયજી ) ૬૧–૧૨૩
૫૧ ત્રણ સમકિત ચારે ગતિમાં હોય ( કુંવરજી ) ૭૭
૫૨ પાંચ ઇંદ્રિયોના ૨૯ ભેદ „ ૮૩
૫૩ સમ્યક્ત્વવિચાર ( મુનિ પુણ્યવિજયજી ) ૮૯
૫૪ જૈનશાસ્ત્રાનુસાર જૈનમાન્યતા ( કુંવરજી ) ૯૨
૫૫ નિત્યોત્સવ ( રાજપાળ મગનલાલ વહોરા ) ૯૩
૫૬ શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતકમાંથી કેટલાક પ્રશ્નોના ઉત્તરો ( કુંવરજી ) ૧૧૨
૫૭ શ્રી વિશેષશતકમાંથી કેટલાક પ્રશ્નોના ઉત્તરો „ ૧૧૫
૫૮ એક લઘુમંદિરની ૨૦૦ મી વર્ષગાંઠ „ ૧૧૭
૫૯ મહાપુરુષોની આચરણા તે આજ્ઞા જ છે. „ ૧૧૮
૬૦ મનોમંથન ( મોહનલાલ હરિચંદ શાહ ) ૧૨૨
૬૧ વ્યવહારકૌશલ્ય ( લેખ ૨ : ૨૦૧–૨૦૨ ) ( મૌક્તિક ) ૧૩૦
૬૨ „ ( લેખ ૨ : ૨૦૩–૨૦૪ ) „ ૩૧૧
૬૩ શ્રી ગણધરકલ્પલતા ( આ. શ્રી વિજયપદ્મસૂરિ ) ( ૧ ) ૧૪૧
૬૪ „ શ્રી ગૌતમસ્વામી ( ૨ ) „ ૧૮૨
૬૫ „ „ ( ૩ ) „ ૨૧૮
૬૬ „ અગ્નિભૂતિ ને વાયુભૂતિ ( ૪ ) ૨૮૩
૬૭ „ વ્યક્ત ને સુધર્માસ્વામી ( ૫ ) ૩૨૩
૬૮ „ મંડિત, મૌર્યપુત્ર, અકંપિત ( ૬ ) ૩૫૩
૬૯ „ અચલભ્રાતા, મેતાર્ય ને પ્રભાસ ( ૭ ) ૩૮૩
૭૦ શ્રી પ્રશ્નોત્તરપ્રદીપમાંથી કેટલાક પ્રશ્નોના ઉત્તરો ( કુંવરજી ) ૧૪૬
૭૧ શ્રી પ્રશ્નોત્તરરત્નાકરમાંથી કેટલાક પ્રશ્નોના ઉત્તરો ( કુંવરજી ) ૨૪૯
૭૨ સાધુસંસ્થાને તેની ઉપયોગિતા ( વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ ) ૧૫૨
૭૩ દેહાભ્યાસીને ( અશુચિ ભાવના ) ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિ ) ૧૬૦
૭૪ યુવાન સ્ત્રીપુરુષોને સાથે અભ્યાસ કરાવવો હિતાવહ છે ? ( કુંવરજી ૧૬૨
૭૫ પ્રશમરતિની ટીકાઓ „ ૧૬૩
૭૬ વિજ્ઞાન ધર્મ ને તત્વજ્ઞાન ( સ. જીવરાજભાઈ ઓધવજી દોશી ) ૧૯૩
૭૭ પરમેષ્ઠી સ્તોત્રાંતર્ગત અરિહંત સ્તોત્ર ( ૯–૧૦–૧૧ )
( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા ) ૨૦૧–૩૩૨–૪૦૦
૭૮ સમભાવપ્રાપ્ત જીવ કેવા હોય ? ( મુનિ પુણ્યવિજયજી ) ૨૦૪
૭૯ શ્રી મહાવીરસ્વામીના ભવ સત્યાવીશ કે અઠ્ઠાવીશ ( કુંવરજી ) ૨૦૫
૮૦ તત્ત્વનિશ્ચયરૂપ બોધિરત્નની દુર્લભતા „ ૨૦૬

૮૧ ચક્ષુવાળાના ત્રણ પ્રકાર ( કુંવરજી ) ૨૦૬

૮૨ શ્રી ભાવનગરના મૂળમંદિરની પ્રતિષ્ઠાતિથિનો નિર્ણય કરનાર એ પ્રાચીન સ્તવનો અર્થ વિવેચન યુક્ત ( કર્ત્તા પં. જિનવિજયજી ) ( સં. કુંવરજી ) ૨૨૬

૮૩ નીતિકારક હિતવચનો ( મુનિ વિદ્યાનંદવિજયજી ) ૨૪૧

૮૪ આત્મા અને દેહાદિ પદાર્થોની ભિન્નતા ( મુનિ પુણ્યવિજયજી ) ૨૦૮

૮૫ **दृष्टिपूतं न्यसेत्पादम्** ( વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ ) ૨૫૪

૮૬ શ્રી ઉપદેશપ્રાસાદ ગ્રંથની વિશિષ્ટતા ( કુંવરજી ) ૨૫૭

૮૭ કાળ સંબંધી વિચારણા ( રા. જીવરાજભાઇ ઓધવજી દોશી ) ૨૫૯-૨૮૯-૩૩૮

૮૮ કૃષ્ણવાસુદેવ ક્યારે તીર્થંકર થશે ? ( કુંવરજી ) ૨૬૫

૮૯ તત્વાર્થસૂત્ર સાનુવાદ. અધ્યાય ૧ લો. અધ્યાય ૨ જો ( મુનિ રામવિજયજી ) ૨૬૬-૩૨૭

૯૦ શ્રાવકધર્મના અધિકારીના લક્ષણો ( કુંવરજી ) ૨૮૮

૯૧ **मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या** ( વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ ) ૨૯૫

૯૨ ટૂંકું ને ટચ ( કુંવરજી ) ૩૦૦

૯૩ એક મિત્રનો પત્ર ,, ૩૦૬

૯૪ સ્વલ્પ સમયના દેશવિરતિનું અનલ્પ ફળ ,, ૩૩૧

૯૫ સિકંદરનું મૃત્યુ ( ઉદ્ધૃત ) ,, ૩૬૭

૯૬ શ્રી વીરપ્રભુ અને ગૌતમસ્વામી વચ્ચે થયેલા પ્રશ્નોત્તર ( અમીચંદ કરસનજી શેઠ ) ૩૭૫

૯૭ તત્ત્વન્યાયવિભાકરની સમાલોચના ( રા. જીવરાજભાઇ ઓધવજી દોશી ) ૩૫૯

૯૮ એક વિદુષીબાઇના વિચારોમાં સુધારણા ( કુંવરજી ) ૩૬૯

૯૯ એક શ્રેષ્ઠીપુત્રના વિચારો ,, ૩૯૨

૧૦૦ સ્થાવરોનો સંવાદ ( મહેતા ચંપકલાલ ભોગીલાલ ) ૩૯૫

૧૦૧ સમયની અગત્યતા ( મુનિ વિદ્યાનંદવિજય ) ૪૦૬


પેટા વિભાગ જુદા ગણતાં લેખ ૧૦૮

## ૩. પ્રકીર્ણ


૧ નવું વર્ષ ( કુંવરજી ) ૪

૨ સ્વ. આનંદશંકરભાઇ ( સુશીલ ) ૬૮

૩ ભૂલનો સુધારો ૧૦૦-૨૪૨

૪ પૂજ્ય પ્રવર્તક શ્રી કાંતિવિજયજીનો સ્વર્ગવાસ ૧૭૦

૫ પુસ્તકોની પહોંચ ( કુંવરજી ) ૨૩૭-૪૦૩

૬ જાણવા યોગ્ય ,, ૨૮૨-૩૧૬-૩૫૮

૭ એક નીડર પત્રકારનું ખેદકારક મૃત્યુ ( તંત્રી ) ૩૪૮


પેટા વિભાગ જુદા ગણતા લેખ ૧૧

**ત્રણ વિભાગના મળીને લેખો ૧૬૩**

અલભ્ય મહાન્ ગ્રન્થ.

( ચૌદસો ચુમાલીસ ગ્રંથના કર્તા )

શ્રીમદ્ હરિભદ્રસૂરિકૃત ટીકા યુક્ત

# શ્રી દશવૈકાલિકસૂત્ર

## પૂર્વાર્દ્ધ પૃ. ૨૫૦

આ મહાન્ ગ્રંથની મહત્તા કેટલી છે તે માટે વિશેષ લખવું જ... વળી આ ગ્રંથ પચીસ વર્ષ પહેલાં છપાયેલ હતો. ત્યારબાદ હાલ... નકલો નહિં મળતી હોવાથી અમોએ હાલમાં કાગળની અસહ્ય મો... છતાં ઊંચા ડ્રોઇંગ પેપર ઉપર તદ્દન શુદ્ધ અને સુંદર પત્રાકારે તેનો પૂર્વા... ભાગ છાપી તૈયાર કરી પ્રસિદ્ધ કરેલ છે.

**પૂર્વાર્દ્ધ ભાગ રુ. ૮-૦-૦ ( પોસ્ટેજ અલગ )**

ઉત્તરાર્દ્ધ ભાગ પણ છપાય છે, થોડા વખતમાં બહાર પડશે.

લખો :—**મનસુખલાલ હીરાલાલ લાલન.**
ઠે. શ્રી મહાવીર પ્રિન્ટીંગ વર્કસ.
૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

## શ્રી સામાયિક ચૈત્યવંદન સૂત્ર.

સામાયિક લેવા પારવાની વિધિ તથા ચૈત્યવંદન સ્તવનાદિ સહિત નવા અભ્યાસ કરનાર બાળક બાળિકાઓ માટે અમે નવી આવૃત્તિ છપાવીને બહાર પાડી છે. કિંમત માત્ર નવ પાઇ. સો નકલના રૂા. ૪) બાળવયના બંધુ જાળવી શકે તેવા પૂંઠા વિગેરે કરીને ઉપયોગી બનાવવામાં આવી છે. લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક **સભા-ભાવનગર**

---

## ઉપધાન કે ધર્મકાર્યપ્રસંગે ખાસ પ્રભાવના કરવા લાયક પુસ્તકો

| | છૂટક નકલ | સો નકલના |
|---|---|---|
| મુનિપતિ ચરિત્ર ( રસિક કથા ) | ૦-૨-૦ | ૧૦-૦-૦ |
| સાદા ને સરલ પ્રશ્નોત્તર ભાગ ૨ જો. | ૦-૪-૦ | ૨૦-૦-૦ |
| ,, ,, ભાગ ૩ જો. | ૦-૪-૦ | ૨૦-૦-૦ |
| સંવેગમાળા સાર્થ ( વૈરાગ્યવાહક ) | ૦-૨-૦ | ૧૦-૦-૦ |
| તત્ત્વવાર્તા અને લક્ષ્મી સરસ્વતી સંવાદ. | ૦-૪-૦ | ૨૦-૦-૦ |
| ધનપાળપંચાશિકા ટીકા અર્થયુક્ત. | ૦-૪-૦ | ૨૦-૦-૦ |
| નવાણું યાત્રાનો અનુભવ. | ૦-૪-૦ | ૨૦-૦-૦ |
| શ્રાવિકા સુબોધ ( ખાસ સ્ત્રી ઉપયોગી કથાસંગ્રહ ) | ૦-૪-૦ | ૨૦-૦-૦ |

---

## શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર-મૂળ ગુજરાતી

. સભા તરફથી ઉપર જણાવેલી બુક ગુજરાતી મોટા ટાઈપમાં છપાવી સુંદર
ાગથી બંધાવેલી છે. તેની અંદર પાંચ પ્રતિક્રમણ ઉપરાંત નવ સ્મરણ, તમામ
, તમામ વિધિઓ, અનેક ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ તથા સજ્ઝાયો
વેશ કરવામાં આવ્યો છે. ુકના પૃષ્ઠ ૩૬૦ છે. વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા
ઉપયોગી છે. અમે તેની નકલો વધારે છપાવેલી હોવાથી તેમજ હાલ કાગળની
ઇને બીજા ન છપાવી શકે તેમ હોવાથી સગવડને માટે સો અગર તો તેથી
મંગાવનાર માટે નકલ સોના રૂા. ૩૭ાા રાખવામાં આવેલ છે. રેલ્વે પાર્સલથી
મોકલી શકાય છે. છૂટક નકલની કિંમત સાત આના. પોસ્ટેજ સવા બે આના.

---

## શ્રી મહાવીર પરમાત્માનું સંક્ષિપ્ત જીવનચરિત્ર

કેવળીપણાના ૩૦ વર્ષના વિહારનું ક્રમસર ચોમાસાના સ્થળ સાથે વર્ણન, છદ્મસ્થાવસ્થાના ૧૨ાા વર્ષના વિહારનું વર્ણન, ઉપસર્ગોની હકીકત તથા ક્રમસર ચોમાસાના સ્થળો સાથે, ૧૨ાા વર્ષના તપનું વિસ્તૃત લીસ્ટ, ઉપસર્ગોની નોંધ વિગેરે તેમજ ગૃહસ્થપણાના ૩૦ વર્ષનું સંક્ષિપ્ત ચરિત્ર-આ લઘુ બુકમાં દાખલ કરવામાં આવેલ છે. ઉપરાંત એજ પરમાત્માના સત્તાવીશ ભવના તથા પંચ કલ્યાણકના મોટા બબ્બે સ્તવનો દાખલ કર્યાં છે. આ પ્રમાણેની બુક તૈયાર કરીને છપાવવામાં આવી છે. ખાસ ઉપયોગી છે. કિંમત ચાર આના રાખી છે. સામટી નકલ મંગાવનારને ઓછી કિંમતે આપશું. નમૂનાની નકલ મંગાવો ને પસંદ પડે તો વધારે નકલો મંગાવી પ્રભાવના કરો. આ બુક લખવા વિગેરેનો પ્રયાસ સભાના પ્રમુખ શ્રીયુત કુંવરજી આણંદજીએ કરેલો છે.

---

## નવપદજી પૂજા—સાર્થ તેમજ ઓળીની વિધિ.

અતિ પ્રયાસને પરિણામે સભાએ ઉપરોક્ત બુક તૈયાર કરી છે. ચૈત્ર માસમાં નવપદ આરાધનાના અમૂલ્ય દિવસો આવે છે, તો તેનું સમ્યગ્ આરાધન કરવા માટે આ બુક મંગાવી તેના સંપૂર્ણ વિધિ વિગેરેથી માહિતગાર થાઓ. સાથે પૂજા પણ અર્થ સહિત આપવામાં આવેલ હોવાથી જનતાને રહસ્ય સમજવામાં સરલતા થાય તેમ છે. સાથે શ્રી સિદ્ધચક્રજીના સ્તવન, ચૈત્યવંદન, તેમજ સ્તુતિઓ પણ આપેલું છે. ઓળીના પવિત્ર દિવસોમાં ખાસ પ્રભાવના કરવા લાયક છે. તાજેતરમાં જ આ બુકની બીજી આવૃત્તિ કરવી પડી છે, તો તુરત જ લાભ લ્યો. એક નકલની કીંમત ૦-૩-૦ નકલ સોના રૂા. ૧૮)

---

## શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા ભાષાંતર
### ભાગ ૧-૨-૩-૪.

પ્રથમના ૩ ભાગમાં આખા ગ્રંથનું ભાષાંતર સંપૂર્ણ આવે છે. આ એક અપૂર્વ અને અજોડ ગ્રંથ છે. ત્રણે ભાગ મળીને કિંમત રૂા. ૯ાા છે. ચોથા ભાગ તરીકે તે ગ્રંથના કર્તા શ્રી સિદ્ધર્ષિગણીનું ચરિત્ર ઘણું વિસ્તારથી આપવામાં આવ્યું છે. તેની કિંમત રૂા. ૩) છે. ચારે ભાગ ભેગા લેનાર પાસેથી રૂા. ૧૨ાા ના રૂા. ૧૦ાા લેવામાં આવે છે.

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઈ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર